إعداد خطيب ماهر

"બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" (શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે)

ખરેખર દરેક પ્રકારની પ્રશંસા ફક્ત અલ્લાહ માટે જ છે, આપણે તેની પ્રશંસા કરીએ છીએ, તેની પાસે જ મદદ માંગીએ છીએ, તેની પાસે જ માફી માંગીએ છે, આપણે પોતાના નફસની બુરાઈથી તેમજ પોતાના ખરાબ કાર્યોથી અલ્લાહની પનાહ માંગીએ છીએ, જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ પથભ્રષ્ટ નથી કરી શકતું, જેને અલ્લાહ પથભ્રષ્ટ કરી દે, તેને કોઈ હિદાયત આપી શકતું નથી, અને હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, તે એકલો જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ્લાહના બંદા અને તેના પયગંબર છે, તેમના પર, તેમના ખાનદાન વાળાઓ પર, તેમના સહાબાઓ પર અને ભલાઈ સાથે તેમનું અનુસરણ કરનાર પર અલ્લાહની રહમતો ઉતરે, આપ પર ખૂબ ખૂબ દરૂદ અને સલામતી થાય.

ત્યાર પછી: લોકોને તે વસ્તુની સતત જરૂર હોય છે, જે તેમની સ્થિતિ શ્રેષ્ઠ બનાવે, એટલા માટે ઇસ્લામની શરીઅત તેના માટે લાવવામાં આવી, જેમાં શુક્રવારના

ખુતબાનો પણ સમાવેશ થાય છે, અને શુક્રવારે ખુત્બો આપનારની જવાબદારી ઘણી મોટી છે, એટલા માટે અમોએ આ વિશે એક કિતાબ તૈયાર કરવાની ઈચ્છા દર્શાવી, જેનો વિષય રાખ્યો: (મુઅઝ્ઝિન, ઇમામ અને ખતીબ માટે તેમજ મસ્જિદના આદેશો માટે એક ફાયદાકારક સારાંશ), જેનું ભાષાતર ઘણી ભાષાઓમાં કરવામાં આવે, જેમાં ઘણા વિષયોનો સમાવેશ થાય છે, તેમાંથી:[1]

જુમઆની નમાઝ, તેનો અર્થ, તેનો સમય, અને મુકલ્લફ (કર્તા)ને સંબંધિત કેટલાક નિયમો, તેમજ જુમઆનો ખુતબો, તેનો હુકમ, તેની શરતો, તેના સિદ્ધાંતો, તેની સુન્નતો અને તેનો અનુવાદ. આ ઉપરાંત તેમાં ખતીબ માટે જરૂરી શૈક્ષણિક અને નૈતિક લાયકાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એવી જ રીતે ખુતબા અને ખતીબના આદાબ, તેનો હેતુ અને ઉદ્દેશ્યો, અને તેને તૈયાર કરવાની પદ્ધતિનો પણ સમાવેશ છે.

આ વિષય ખૂબ જ મહત્વપૂર્ણ હોવાથી, આ બીજી ("ઈઅદાદ ખતીબ માહિર" (કુશળ વક્તા દ્વારા તૈયાર

[1] - https://islamcontent.com/ar/single-content/74839.

કરાયેલ)) નામની પુસ્તિકા પહેલાના પુસ્તકના વિસ્તાર અને સ્પષ્ટ રૂપે તૈયાર કરવામાં આવી છે.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે તે અમારા આ કાર્યને નેક અને ફક્ત તેના માટે નિખાલસ બનાવે, અને તેમાં બરકત આપે, અને અલ્લાહ સૌથી વધુ જાણનાર છે અને દરૂદ અને સલામતી થાય આપણા નબી મુહમ્મદ પર.

(ખુત્બાનું મહત્વ)

જુમ્માનો ખુત્બો: જો તેને યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તો તે લોકો પર પ્રભાવિત કરનાર સૌથી શક્તિશાળી -પરંતુ સૌથી પ્રબળ- માધ્યમોમાંથી એક છે, જ્યાં ખુત્બો આપનાર દર અઠવાડિયે એકવાર વર્ષો સુધી લોકોને સંબોધિત કરે છે, ભલે તે વર્ષો ઓછા હોય કે વધુ, અને લોકો તેના માટે પોતાના મન અને હૃદય ખોલી દે છે, તેથી તેઓ કાંકરીને સ્પર્શ કરવા જેટલા પણ તેનાથી વિચલિત થતા નથી, અને તેની પાસેથી વારંવાર અને સતત શિખામણ, ઉપદેશો અને બોધપાઠ મેળવતા રહે છે.

અને એક સફળ અને સારો ખુતબો આપનાર, જેને અલ્લાહ તઆલાએ લોકોને સમજાવવાની શૈલી અને એક મજબૂત વક્તવ્ય આપ્યું છે: તે નિઃશંક તેમના પર ખૂબ ઊંડી અસર કરશે, અને કદાચ તેની અસર એક શિક્ષકની તેના વિદ્યાર્થીઓ પર થતી અસર કરતાં પણ વધુ મજબૂત અને શક્તિશાળી હશે, તેમજ સોશિયલ મીડિયાની અસર કરતાં પણ વધુ હશે; કારણ કે ખુત્બો એક મહાન ઇબાદત સાથે જોડાયેલો છે, અને તે નમાઝ છે; એટલા માટે કે એક સ્પષ્ટ બોલનાર, શિખામણ આપનાર, અને પ્રભાવશાળી ખુત્બો આપનાર લોકોને સીધા સંબોધિત કરે છે, જ્યારે તે તેમની સામે ઊભો હોય છે, તેઓ તેના ચહેરાના હાવભાવ અને તેની આંખોની નજર જુએ છે, તેથી તે સાંભળવાની અને જોવાના ઇન્દ્રિયો દ્વારા તેમના પર અસર કરે છે, અને તેમના હૃદય અને દિમાગને સ્પર્શે છે, અને તેઓ ખુત્બાના સમય દરમિયાન ધ્યાનથી તેને સાંભળે છે, અને તે તેમની સમક્ષ બૌદ્ધિક અને ધાર્મિક પુરાવાઓ અને દલીલો રજૂ કરે છે, જેના દ્વારા તે - અલ્લાહની પરવાનગીથી - તેમને સમજાવવા અને તેમની ગેરસમજોને સુધારવામાં સક્ષમ બને છે.

એક સફળ અને કામયાબ ખુત્બો આપનાર તે છે: જે મિમ્બરને નેકી અને જ્ઞાન ફેલાવવાના સૌથી મહત્ત્વપૂર્ણ માર્ગોમાંથી એક બનાવે અને ફક્ત તેના પર જ સીમિત નથી રહેતો, પરંતુ તેની ક્ષમતા મુજબ નેકી અને ભલાઈના દરેક ક્ષેત્રમાં તેનો ફાળો હોય છે, જ્યાં પણ નેકી હોય છે, તે તેના આગેવાનોમાં સામેલ હોય છે, અને જ્યાં પણ અલ્લાહ માટે કુરબાની આપવાની હોય છે, તે તેના સૈનિકોમાંથી એક હોય છે.

તો આ ખુત્બો આપનાર: જે અલ્લાહ તરફ દઅવત આપવાની અને મુસલમાનોને ફાયદો પહોંચાડવાની કાળજી રાખે છે, -જેમકે નબીઓ અને પયગંબર (અલૈહિમુસ્સલાતુ વસ્સલામ) એ કર્યું, અને ઇસ્લામની ઉમ્મતના નિષ્ઠાવાન આલિમો અને દાઇઓ હતા-, જે પોતાના સાંભળનારાઓમાં નવીનતા, આકર્ષણ અને જિજ્ઞાસા પેદા કરવા માટે ઉત્સુક હોય છે.

ઘણા એવા ખતીબો (વક્તા) છે, જેમનામાં એક ખતીબ માટેની જરૂરી લાયકાત હોય છે, પરંતુ તેમના ખુતબાનું ઇચ્છિત પરિણામ નથી મળતું; જે એક એવા ખતીબ પાસેથી અપેક્ષિત છે, જે સત્યતા અને નિષ્ઠા સાથે સંદેશ પહોંચાડતો હોય.

તેથી તે દરેક શુક્રવારના દિવસે તેમની સમક્ષ એવો વિષય લાવે છે, જે તેમની ભાવનાઓ અને જરૂરતોને સ્પર્શતો હોય, અને તેમના દિલો પર અસર કરતો હોય, અને તે વર્ષમાં પચાસ વખત તેમની સાથે મુલાકાત કરે છે, તો શું આના કરતાં વધુ અસરકારક કોઈ માધ્યમ છે?

તેથી તેમાં કોઈ આશ્ચર્ય નથી કે જુમ્માનો ખુત્બો ઇસ્લામની શ્રેષ્ઠ નિશાનીઓ (સૂત્ર) માંથી છે, અને અલ્લાહ તરફ દઅવત આપવા, તેની શરીઅત પહોંચાડવા અને તેના બંદાઓ પર હુજ્જત કાયમ કરવાના સૌથી મહત્વપૂર્ણ ક્ષેત્રો માંથી એક છે, જેની ઇસ્લામના દુશ્મનો પણ ઈચ્છા કરે છે કે તેમના દીનમાં તેના જેવું કંઈક હોય, અહી સુધી કે ઇસ્લામ સાથે યુદ્ધ કરનારા સંગઠનોના નેતાઓ માંથી એકે કહ્યું: «કાશ! મારી પાસે પણ આવા ઊંચા સ્થાન હોત?!»

«ઇલ્મ અને કલાઓની શ્રેષ્ઠતા તેના ઉદ્દેશ્યોની શ્રેષ્ઠતાના આધારે હોય છે, અને પ્રવચનનો એક અત્યંત મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે, અને તે લોકોને સત્ય તરફ માર્ગદર્શન આપવું, અને આ દુનિયા તથા આખિરતના જીવનમાં ફાયદાકારક બાબતો તરફ પ્રોત્સાહિત કરવા માટે છે.

ખિતાબત (ભાષણ) ને સરદારી અને આગેવાનીના સાધનોમાં ગણવામાં આવે છે..

ખુત્બામાં મહાન સન્માન છે, અને તેની શ્રેષ્ઠતા એમાં છે કે ખુત્બો આપનાર બુદ્ધિશાળી, આલિમ અને ઉત્તમ વક્તા હોય».[1]

અને શરીઅતે નમાઝી માટે ખુત્બા દરમિયાન્ દરેક સાંભળનાર માટે તેને શાંતિપૂર્વક સાંભળવાનું ફરજિયાત કર્યું છે, અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

«إِذَا قُلْتَ لِصَاحِبِكَ يَوْمَ الجُمُعَةِ أَنْصِتْ، وَالْإِمَامُ يَخْطُبُ، فَقَدْ لَغَوْتَ».

«જુમ્માના દિવસે જ્યારે ઈમામ ખુતબો આપી રહ્યો હોય અને જો તમે પોતાની સાથે બેસેલા સાથીને કહો કે ચૂપ રહે, તો તમે વ્યર્થ કાર્ય કર્યું». મુત્તફકુન અલૈહ (બુખારી અને મુસ્લિમ)[2] અને 'લગવ્ત' નો અર્થ: અર્થાત્, તેને જુમ્માનો સવાબ નહીં મળે.

પરંતુ લોકો માટે સુન્નત છે કે તેઓ પોતાના ચહેરા તમારી તરફ ફેરવે, અને ઇમામ નવવી, ઇબ્ને મુનઝિર

---

[1] - મુહમ્મદ અલ્ ખિઝ્ર હુસૈનની કિતાબ: "અલ્ ખિતાબહ ઇન્દલ્ અરબ", પેજ નંબર: ૧૭૮-૧૭૯.

[2] - બુખારી: (૯૩૪), અને મુસ્લિમ: (૮૫૧).

અને ઇબ્ને અબ્દુલ બર્ર (અલ્લાહ તે સૌ પર રહેમ કરે) એ તેને મુસ્તહબ હોવા પર ઇજમાઅ (સર્વસંમતિ) નકલ કર્યું છે.[1]

("રહમાનના ફરિશ્તાઓ તમને સાંભળી રહ્યા છે, તો તેમની કદર કરો")

હે જુમ્માના વક્તા!, તમારા સન્માન અને ગૌરવ માટે એ જ પૂરતું છે કે રહમાનના ફરિશ્તાઓ તમારા ખુત્બાઓ અને નસીહતો સાંભળવા માટે તમારી પાસે હાજરી આપે છે, અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું, જેમ કે સહીહૈનમાં છે:[2] «જુમ્માના દિવસે મસ્જિદના દરેક દરવાજાઓ પર ફરિશ્તાઓ ઊભા થઈ જાય છે, અને મસ્જિદમાં આવવાવાળા નમાઝીઓના (નામ) ક્રમ પ્રમાણે લખે છે, ફરી જ્યારે ઈમામ (ખુત્બા માટે મિન્બર પર) બેસી જાય છે તો તેઓ પણ પોતાના રજીસ્ટર બંધ કરી (અલ્લાહનો ઝિક્ર) સાંભળવા માટે (મસ્જિદમાં) આવી જાય છે».

---

[1] - અલ્ મજમૂઅ: ૪/૪૪૭.

[2] - બુખારી, હદીષ નંબર: (૩૨૧૧), મુસ્લિમ, હદીષ નંબર: (૮૫૦).

જ્યારે તમે આ બાબતનો અહેસાસ કરી લેશો તો તમારા દિલમાં ખુત્બાની મહાનતા વધી જશે, અને તમે કોઈના ડર કે દેખાડા વગર સત્ય કહેવા, અમાનત પૂરી કરવા અને લોકોને નસીહત કરવા માટે વધુ ઉત્સાહી બનશો.

તો તમારા જેવો કોણ છે, હે પ્રતિષ્ઠિત ખુત્બો આપનાર!?

અલ્લાહએ લોકો પર તમને અને તમારા ઉપદેશને ધ્યાનથી સાંભળવું જરૂરી કર્યું છે, ત્યાં સુધી કે તમારી વાતચીત દરમિયાન કાંકરીઓ ફેરવીને ધ્યાન ભટકાવવાથી અને બુરાઈથી રોકવાથી પણ મનાઈ કરી છે, અને ફરિશ્તાઓને પણ તમને સાંભળવા માટે લગાવ્યા છે.

આથી તમારા પર જરૂરી છે કે તમે અલ્લાહ માટે નિખાલસતા અપનાવો, અને તમારા ખુત્બાઓ અને ઉપદેશોમાં પૂરેપૂરી નસીહત કરો, અને તમારા ખુત્બાઓનો હેતુ અલ્લાહનો ઝિક્ર, લોકોને ઉપદેશ, તેમના દીનની બાબતોની સમજ આપવી, અને તેમના દુન્યવી જીવનને સુધારતી બાબતો હોવી જોઈએ.

***

(વધુ શ્રેષ્ઠ શું છે: મૌખિક ખુતબો આપવો કે કાગળમાંથી વાંચીને આપવો?)

આમાં કોઈ શંકા નથી કે ખુત્બો આપનાર માટે કાગળમાંથી વાંચીને ખુત્બો આપવામાં ઘણા ફાયદાઓ છે, અને ઘણા ખુત્બો આપનારાઓ અને વક્તાઓ માટે મોઢે બોલવા કરતાં આ રીત વધુ યોગ્ય હોઈ શકે છે, આ એક જોવા મળતી અને વાસ્તવિક બાબત છે.

તૈયારી વગર પ્રવચન, વક્તાના જોડાણ અને ઉત્સાહ પર મોટી અસર પડે છે, અને તેનાથી - નિઃશંકપણે - સાંભળવાવાળાઓમાં પણ અસર, ઉત્સાહ અને ભાવના ઉત્પન્ન થાય છે, અને તેનાથી વિપરીત પણ એવું જ છે.

અને તે જાણીતી વાત છે કે, જ્યારે વાત ગ્રહણ કરવામાં સાંભળવાની અને જોવાની બંને ઇન્દ્રિયો સામેલ થાય, તો તે સમજવામાં, પ્રભાવિત થવામાં અને માહિતીને યાદ રાખવામાં વધુ શક્તિશાળી સાબિત થાય છે, જ્યારે ફક્ત એક જ ઇન્દ્રિયનો ઉપયોગ કરવામાં આવે તેના કરતા, તેથી, જે વક્તા જોયા વગર ખુત્બો આપે, લોકોનો સામનો કરે અને આંખો દ્વારા તેમને સંબોધે, તેની અસર તે ખતીબ (વક્તા) કરતા વધુ શક્તિશાળી હોય

છે, જે કાગળમાંથી ખુત્બો આપે છે, જેની પાસેથી લોકો ફક્ત સાંભળવાના માર્ગે જ વાત ગ્રહણ કરે છે, અને આ રીતે ગ્રહણ કરવું પણ એટલું શક્તિશાળી નથી હોતું, જેટલું તે ખતીબ (વક્તા) ના કિસ્સામાં હોય છે, જે જોયા વગર ખુતબો આપે છે; કારણકે તેનો અવાજ વધુ શક્તિશાળી અને વધુ પ્રભાવશાળી હોય છે.

જે વ્યક્તિએ વગર તૈયારીએ પ્રવચન આપવાનો વારંવાર પ્રયત્ન કર્યો હોય, અને તેને પોતાના પ્રવચનમાં ખૂબ જ ખચકાટ, અચકાવું કે ભૂલી જવાનો અનુભવ થતો હોય, અથવા ભય અને સખત તણાવ રહેતો હોય, અને તે જુએ કે દિવસો પસાર થવા છતાં અને વારંવાર અભ્યાસ કરવા છતાં આ બાબતો ઓછી નથી થતી, તો તેણે ખુત્બા વાંચીને જ આપવા જોઈએ; કારણ કે દરેક વ્યક્તિને વગર તૈયારીએ પ્રવચન આપવાની તૌફીક નથી મળતી, અને અલ્લાહ તઆલાએ જેવી રીતે લોકો વચ્ચે ભૌતિક રોઝીની વહેંચણી કરી છે, તેવી જ રીતે તેમની વચ્ચે આધ્યાત્મિક રોઝીની પણ વહેંચણી કરી છે, જેમ કે અખ્લાક, ક્ષમતાઓ, પ્રતિભાઓ અને જુસ્સો.

(સફળ ખુત્બાનો માર્ગ સરળ અને સુગમ બનાવનારા આઠ પગલાઓ)

પહેલું: તે બાબત પર મદદ માટે સાચા દિલથી દુઆ કરવી, અને નિખાલસતા અને આજીજી સાથે અલ્લાહ તઆલાની શરણ લેવી.

બીજું: તે બાબતમાં અલ્લાહ તઆલા પર સાચો ભરોસો રાખવો, અને તેના પર સારો આત્મવિશ્વાસ રાખવો, અલ્લાહ પોતાના બંદાના અનુમાન મુજબ હોય છે, અને જે તેના પર ભરોસો કરે છે, અલ્લાહ તેના માટે પૂરતો થઈ જાય છે અને તેની મહત્વપૂર્ણ બાબતો અને માંગણીઓ માટે પુરતી થઈ જાય છે.

ત્રીજું: શ્રેષ્ઠ ખતીબો (વક્તાઓ) ની વાતો સાંભળવી અને તેમના અનુભવોથી ફાયદો ઉઠાવવો.

૪- ખુત્બો એકલા આપવો, ભલે તે મસ્જિદના આંતરિક લાઉડસ્પીકર દ્વારા હોય તો તે વધુ સારું છે, અને જો તે મિમ્બર પરથી હોય તો તે વધુ ઉત્તમ છે.

પાંચમું: લાગણીઓ પ્રગટ કરવાનો અને ભાવનાને મજબૂત કરવાનો અભ્યાસ કરવો.

મેં વક્તૃત્વ, પ્રવચન અને પ્રભાવ પાડવામાં સફળ લોકોના સૌથી મોટા રહસ્યો પર ચિંતન કર્યું, તો મને જાણવા મળ્યું કે તેની પાછળનું રહસ્ય અને કારણ - અલ્લાહની તૌફીક પછી - તેમની પાસે રહેલી ભાવનાઓની શક્તિ છે, અને શરઈ નિયમો અનુસાર પોતાની લાગણીઓને સંક્ષિપ્તમાં નહીં પરંતુ વિગતવાર રજૂ કરવાની તેમની ક્ષમતા છે.

ખરેખર, ભાવનાની શક્તિ કુશળ વ્યક્તિને વ્યક્ત કરવા અને જ્ઞાની વ્યક્તિને તેને પ્રગટ કરવા માટે પ્રેરિત કરે છે, જેનાથી તે પોતાના જાદુ દ્વારા હૃદયોને આકર્ષિત કરે છે, અને પોતાની સુંદરતા અને કુશળતાથી મનને મોહી લે છે, જ્યારે કમજોર ભાવનાવાળા વ્યક્તિની ભાવનાઓના મૃત્યુ સાથે તેનું મોટા ભાગનું જ્ઞાન પણ મૃત્યુ પામે છે, અને તેની લાગણીઓના મૃત્યુ સાથે લોકો પરથી તેનો પ્રભાવ પણ સમાપ્ત થઈ જાય છે.

«ખતીબ માટે જરૂરી છે કે તે જે બાબત તરફ લોકોને બોલાવી રહ્યો હોય, તેમાં તે પોતે ઉત્સાહથી ભરેલો હોય, અને તેની સત્યતા પર વિશ્વાસ રાખતો હોય; કારણકે જે વાત દિલ માંથી નીકળે છે તે દિલમાં ઉતરે છે, તેથી ખતીબનો ઉત્સાહ સાંભળનારાઓ કરતાં વધુ હોવો

જોઈએ; જેથી તે તેમના પર અસર કરી શકે, અને તેમની તરસ છીપાવી શકે, અન્યથા તો તેઓ તેની સુસ્તીનો અહેસાસ કરશે, અને તેના વક્તવ્યની અસર જતી રહેશે».

વધુ પડતા અભ્યાસની જરૂર છે, પોતાના વિચારો અને લાગણીઓને લખીને, એકલામાં તે વિશે વાત કરીને, અને પછી કોઈ પ્રિય વ્યક્તિ સમક્ષ તેને વ્યક્ત કરીને.

અને ભાવનાઓને જ્યારે પણ દબાવવામાં અને કેદ કરવામાં આવે છે, ત્યારે તે સૂકાઈ જાય છે અને સમાપ્ત થઈ જાય છે, અને જ્યારે પણ તે આઝાદ હોય છે – શરત એ છે કે તે શરીઅતના દાયરામાં હોય – ત્યારે તે ઉભરાઈ આવે છે અને વહેવા લાગે છે, પછી તે પાનાઓને લેખ અને રચનાથી, મિમ્બરોને ખિતાબત (ઉપદેશ) અને બયાનથી, અને લોકોને મહોબ્બત અને કરુણાથી સિંચે છે.

તો -મારા ખતીબ ભાઈ!-, પોતાની લાગણીઓ અને ભાવનાઓને ખુલ્લી છૂટ આપો; જેથી તમારામાં અને બીજાઓમાં જીવન, સર્જનાત્મકતા, જાગૃતિ, વિકાસ અને રહમતની રૂહ જીવંત થઈ જાય.

જેની ભાવનાઓ ઉમદા હોય છે, તેનો અખલાક શ્રેષ્ઠ બને છે, તેનું વ્યક્તિત્વ ગૌરવશાળી બને છે, તેના ચાહકો વધી જાય છે, તેના દુશ્મનો ઓછા થઈ જાય છે, તેની દલીલ સ્પષ્ટ થાય છે, તેની વાક્છટા શક્તિશાળી બને છે અને તેની વાણી અત્યંત પ્રભાવશાળી બને છે.

છઠ્ઠું: કોઈ સત્યવાદી, સમજદાર, અનુભવી અને શુભેચ્છક વ્યક્તિ પાસેથી નસીહત પ્રાપ્ત કરવી, જે તેની ખામીઓ જણાવે, જેથી તેનાથી દૂર રહી શકે, અને તેના સદગુણો પર માર્ગદર્શન આપે, જેથી તે તેના પર અડગ રહી શકે અને તેમાં વધારો કરી શકે.

સાતમી બાબત: ખુત્બાની વહેલી તૈયારી કરવી.

આઠમું: ખુતબાની તૈયારી અને પ્રસ્તુત કરવાની રીત સંબંધિત પુસ્તકોનું વાંચન કરવું.[1]

---

[1] - જુઓ: મુઅઝ્ઝિન, ઇમામ અને ખતીબ માટે તેમજ મસ્જિદના આદેશો માટે ફાયદાકારક સારાંશ, પેજ નંબર: ૯૫, https://islamcontent.com/ar/single-content/74839.

(ખુત્બાની શરૂઆતમાં બેચેની અને ગભરાટ થવી એ એક સામાન્ય બાબત છે)

ખુત્બો આપવાની શરૂઆતમાં તમને ચિંતા અને ડરનો અનુભવ થશે, અને આ દરેક મનુષ્યના સ્વભાવમાં છે, અને કદાચ તમને એવો એહસાસ થશે કે આ લોકોની તમારા પર નજર હોવાના કારણે અને તમારા જ્ઞાનની ઉણપના વિચારને કારણે છે.

અને તમારી વ્યાકુળતામાં આ વાતથી પણ વધારો થઈ શકે છે કે તમને એવું લાગે કે લોકો તેને અનુભવી રહ્યા છે અને ખતીબની આ વાતને નાપસંદ કરે છે; અને કદાચ તેમનું તમારાથી દૂર થઈ જવાનું આ જ કારણ હોય શકે છે.

અને આ વાતમાં કોઈ શંકા નથી કે અલ્લાહ સાથે વધુ લગાવ, તેમના પર ભરોસો, સાચા દિલથી દુઆ અને સતત મહેનત દ્વારા તમારો ડર સંપૂર્ણપણે દૂર થઈ જશે, ત્યાં સુધી કે તમે ખુત્બો આપવાનો આનંદ માણવા લાગશો, અને ખુત્બાની મીઠાશને ચાખવા માટે જુમ્માના દિવસની આતુરતાથી રાહ જોશો.

તો તે સબર જ છે, જેના દ્વારા વ્યક્તિ માટે તૌફીકના ખજાનાઓ અને ઉદાર અને દાતા પવિત્ર અલ્લાહ ની કૃપાઓ ખુલી જાય છે.

શરૂઆતની મહેનતની તકલીફ સહન કરવાથી, અંતમાં નેઅમતો, ઉચ્ચ દરજ્જો અને ખુશીઓની વિશાળતા પ્રાપ્ત થાય છે.

અને તમારા મનને કહો: તકલીફ પછી વિપુલતા જ છે, અને મુશ્કેલીનો અંત છે, અને થાક પછી આરામ જ છે, અને આ તો ફક્ત થોડીક ક્ષણોનો સબર છે, માટે સબર કર અને ધીરજ રાખ, જેથી તું મિમ્બરો સુધી પહોંચી શકે, અને અલ્લાહ તરફની દાવતનો પ્રચાર કરી શકે, અને અલ્લાહે સાચું ફરમાવ્યું છે, અને અલ્લાહ કરતાં વાતમાં કોણ વધારે સાચું હોઈ શકે:

﴿وَالَّذِينَ جَاهَدُوا فِينَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا﴾

﴿અને જે લોકો અમારા માર્ગમાં તકલીફો સહન કરે છે, અમે તેમને અમારા માર્ગ જરૂર બતાવીશું﴾ [અલ્ અન્કબૂત: ૬૯].

અને કતાદહ રહિમહુલ્લાહએ કેટલી સુંદર વાત કહી છે-: «હે આદમના દીકરા!, જો તું ફક્ત સ્ફૂર્તિમાં જ ભલાઈ કરવા ઈચ્છતો હોય, તો તારો નફ્સ તો કંટાળા, સુસ્તી

અને આળસ તરફ ઢળે છે, પરંતુ મોમિન તો બોજ ઉઠાવનાર છે, મોમિન તો હિંમત કરનાર છે, અને મોમિન તો સખ્તી કરનાર છે».[1] સખ્તી કરનારનો અર્થ: જે નેક કાર્યોની પાબંદી કરવામાં, તેને સતત કરતા રહેવાનું પોતાની જાત પર ફરજિયાત કરી લે.

(જાહેર પ્રવચન આપતા લાગતા ભયથી છુટકારો મેળવવાના ઉપાયો)

ભય - ખાસ કરીને શરૂઆતમાં -: જેવું કે પહેલા વર્ણન કરવામાં આવ્યું કે તે એક ખુબ જ સામાન્ય અને પરિચિત બાબત છે; પરંતુ તે એક સકારાત્મક વસ્તુ છે, જે ખુત્બા (પ્રવચન)ની કાળજી લેવા અને તેની તૈયારી કરવામાં મદદ કરે છે, અને નફ્સના વધુ પડતા આત્મવિશ્વાસને કાબૂમાં રાખે છે, જે લોકોને તુચ્છ ગણવા, ઇલ્મી કન્ટેનની ગુણવત્તા પર ધ્યાન ન આપવા, અને યોગ્ય શબ્દો અને અર્થોની પસંદગી ન કરવા તરફ દોરી જાય છે.

---

[1] - "તફસીરે કુરતુબી": (૧/૨૫૧). અને કતાદહ રહિમહુલ્લાહની અસર, તેને રિવાયત કરી છે: અબૂલ કાસિમ ઇબ્ને બુશરાન અલ-બગદાદી (વફાત: ૪૩૦ હિ.) અને: "અમાલીહી": (૧૪૫૪)માં.

પરંતુ દરેક ખુત્બામાં લાંબા સમય સુધી સતત ડર લાગવો એ એક નકારાત્મક બાબત છે - જેને આધુનિક યુગમાં સામાજિક ભય (સોશિયલ ફોબિયા) કહેવામાં આવે છે -: તેનાથી છુટકારો મેળવવાના ઉપાયો અપનાવવા કરવા જરૂરી છે, જેમાંથી:

પહેલું: અલ્લાહ તઆલા માટે નિષ્ઠા રાખવી, તેનો આશરો લેવો, અને વધુમાં વધુ દુઆ કરવી કે તે તમને સંતોષ આપે અને તમારા હૃદય પર શાંતિ ઉતારે.

બીજું: ખુત્બા પહેલા મદદરૂપ થતા પીણાંમો ઉપયોગ, જેમકે કુદીનાની શરબત વગેરે; કારણકે તે ચિંતા અને ભયને શાંત કરવામાં અસરકારક છે.

ત્રીજું: પોતાના મનને ટીકા સાંભળવાની આદત પાડવી, અને તેનાથી ખુશ થવું; જેથી તે પ્રગતિ અને રચનાત્મકતા માટેનું એક માધ્યમ બને, અને ભૂલ કરવાનો ડર ન રહે.

ચોથું: વહેલા હાજર રહેવું; કારણ કે તેમાં કોઈ શંકા નથી કે જો ખુત્બો આપનાર વ્યક્તિ સમયને પહોંચી વળવા ઉતાવળથી આવશે તો તેનું મન બેચેન થઈ જશે, તેનું હૃદય વ્યાકુળ થઈ જશે, અને તે એવી ચિંતા અને

તણાવમાં આવી જશે જે ખુત્બા દરમિયાન પણ તેની સાથે રહેશે.

પાંચમું: તમારું માથું ઊંચું રાખી લોકોને જુઓ, અને ક્યારેક ક્યારેક કાગળમાં જોયા વગર પણ બોલો, ભલે શરૂઆતમાં તમને મુશ્કેલી જણાય, ભૂલો થાય અને ખચકાટ અનુભવાય, પરંતુ તમારું કાગળમાંથી જ વાંચતા રહેવું અને હિંમતપૂર્વક શ્રોતાઓ તરફ ન જોવું, તે શ્રોતાઓનો તમારી વાત પ્રત્યેનો ઉત્સાહ ખતમ કરી દેશે, અને મિમ્બર પ્રત્યેનો તમારો ભય અને ગભરાટ તો કાયમ રહેશે.

કેટલાક ખતીબોએ, જેઓ વર્ષોથી ખુત્બા આપી રહ્યા છે, પરંતુ ફક્ત કાગળમાંથી વાંચે છે અને લોકો તરફ જોતા નથી, સ્પષ્ટપણે કહ્યું: તેઓ દરેક ખુત્બા વખતે ડર અને ચિંતા અનુભવે છે, પરંતુ તેમાંના એકનું કહેવું છે: ચિંતા અને ડરના કારણે, દરેક ખુત્બા વખતે મને એવું લાગે છે કે જાણે હું પહેલીવાર ખુત્બો (પ્રવચન) આપી રહ્યો છું!

પરંતુ પોતાના ખુત્બાની શરૂઆતમાં લોકોના ચહેરાઓ તરફ ન જુઓ, કારણકે શક્ય છે કે તમારી નજર કોઈ એવી વ્યક્તિ પર પડે જેનાથી તમે ગભરાઈ જાઓ, અને

એવું પણ બની શકે કે લોકોનું તમારી તરફ જોવું તમને ડરાવી દે, પરંતુ તેમના માથા તરફ જુઓ, તેમના ચહેરા અને આંખો પર ધ્યાન કેન્દ્રિત કર્યા વિના.

છઠ્ઠું: મિમ્બર પર ચઢતી વખતે કોઈ સંભવિત નકારાત્મકતા અથવા ભૂલો વિશે વિચાર ન કરો, પરંતુ અલ્લાહ તઆલાની ઇચ્છાથી મળનારા સકારાત્મક પરિણામો અને તમારા ખુત્બાથી થનારા મોટા ફાયદાઓ વિશે વિચારો, જેવા કે લોકોને ફાયદો પહોંચાડવો, અને ભલાઈનો હુકમ કરવા અને બુરાઈથી રોકવાના કર્તવ્યને સ્થાપિત કરવામાં તેમજ અલ્લાહ તરફ દઅવત આપવામાં અલ્લાહ તરફથી મળતી તૌફીક.

સાતમું: ખુત્બા પહેલાં યોગ્ય રીતે શ્વાસ લેવાની પ્રક્રિયા અપનાવો, જેની રીત નાક દ્વારા ઊંડો શ્વાસ લેવો, પછી થોડી ક્ષણો માટે હવાને રોકી રાખો, અને પછી ધીમે-ધીમે બહાર કાઢો, આ શ્વાસ લેવાની પ્રક્રિયા તણાવ દૂર કરવામાં ખૂબ અસરકારક છે; વિશેષજ્ઞો અને તબીબી નિષ્ણાતોએ ઉલ્લેખ કર્યો છે કે સામાન્ય શ્વાસ મગજમાં સાતથી દસ લિટર ઓક્સિજન પહોંચાડે છે, જ્યારે સાચી રીતે શ્વાસ લેવાની સ્થિતિમાં લગભગ પંચોતેર લિટર ઓક્સિજન પહોંચે છે, તેનાથી ચિંતા અને તણાવના

હોર્મોન્સનું સ્તર ઘટે છે, અને તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે અને તણાવ, દુઃખ અને ચિંતાને દૂર કરવામાં તેની મોટી અસર જોવા મળી છે.

અને ખુત્બા દરમિયાન, ઊંડો શ્વાસ લેવાનો પ્રયાસ એવી રીતે કરવો કે હાજર લોકોનું ધ્યાન ન ખેંચાય, અને તે માટે જ્યારે યોગ્ય વિરામ આવે, ત્યારે મોં અથવા નાક દ્વારા ઝડપથી અને વધુ પ્રમાણમાં શ્વાસ લો, આ શ્વાસ લીધા પછી પોતાની વાતચીત પૂર્ણ કરો, અને લગભગ દરેક વિરામ પર આમ જ કરો.

(તમારા પર થતી ખોટી ટીકાઓનો શ્રેષ્ઠ ઉકેલ)

હે મારા ખુત્બો આપનાર ભાઈ!, વિચાર-વિમર્શ, ચિંતન-મનન અને અનુભવી લોકો સાથે મશવરો કર્યા પછી, જ્યારે તમે લીધેલા કોઈ નિર્ણય, અપનાવેલી કોઈ રીત કે પસંદ કરેલા કોઈ માર્ગ પર સંતુષ્ટ થઈ જાઓ, તો પછી ટીકાકારો અને નિંદા કરનારાઓ તરફ ધ્યાન ન આપો; કારણ કે કોઈ પણ વ્યક્તિ લોકોની ટીકાથી બચી શકતો નથી, ભલે તે ગમે તે કરે, અને તેનું પદ ગમે તેટલું ઊંચું કેમ ન હોય.

અને જો તમે તેમની ટીકા પર ધ્યાન આપશો, તો તમારો જુસ્સો કમજોર થઈ જશે, તમારું દિલ તંગ થઈ જશે અને વિકાસ તથા સર્જન કરવાની ઈચ્છા ખતમ થઈ જશે.

કોઈ પુસ્તક, કોઈ પણ લેખ કે કોઈ કાર્ય એવું નથી જેમાં કોઈ ખામી કાઢનાર અને આલોચના કરનાર ન હોય.

આલોચકો સાથે નમ્રતા અને સન્માનપૂર્વક વ્યવહાર કરવો, તેમને શ્રેષ્ઠ રીતે જવાબ આપવો, અને તેમની વાતમાં જે સત્ય હોય તેને સ્વીકારી લેવું અને તે બાબતે ઘમંડ ન કરવો, ભલે પછી તે આલોચક તમારી નજરમાં કોઈ સ્થાન ધરાવતો ન હોય.

(ખુતબો આપતા પહેલા ખુતબો આપનાર માટે સલાહ)

હે ખુત્બો આપનાર ભાઈ!, તમારા માટે જરૂરી છે કે ખુત્બા પહેલા તમે કેટલાક કાર્યો કરો, જેના દ્વારા તમે અલ્લાહ તઆલા પછી મિમ્બર પર ઊભા રહેવા અને તમારો ખુત્બો આપવા માટે મદદ મેળવો, જે નીચે મુજબ છે:

પહેલું: તે વાતને ધ્યાનમાં રાખો કે તમે અલ્લાહના સંદેશાઓ પહોંચાડવા અને તેના તરફ આમંત્રણ આપવા માટે જઈ રહ્યા છો, અને ક્યારેક ક્યારેક અલ્લાહ તઆલાનું આ કથન પઢો:

﴿الَّذِينَ يُبَلِّغُونَ رِسَالاتِ اللَّهِ وَيَخْشَوْنَهُ وَلا يَخْشَوْنَ أَحَداً إِلَّا اللَّهَ﴾،

﴿જે લોકો અલ્લાહના આદેશો પહોંચાડતા હતા અને અલ્લાહથી જ ડરતા હતા અને અલ્લાહ સિવાય કોઇનાથી ડરતા ન હતા﴾, અને -બીજી- વાર આ આયત તિલાવત કરો:

﴿وَمَنْ أَحْسَنُ قَوْلاً مِمَّنْ دَعَا إِلَى اللَّهِ وَعَمِلَ صَالِحاً وَقَالَ إِنَّنِي مِنَ الْمُسْلِمِينَ﴾

﴿અને તેના કરતાં વધારે ઉત્તમ વાત કોની હોઇ શકે છે, જે અલ્લાહ તરફ બોલાવે અને સત્કાર્યો કરે અને કહે, કે ખરેખર હું મુસલમાનો માંથી છું﴾. [ફુસ્સિલત: 33].

બીજી એક જગ્યાએ ઉચ્ચ અલ્લાહએ કહ્યું:

﴿قُلْ هَذِهِ سَبِيلِي أَدْعُو إِلَى اللَّهِ عَلَى بَصِيرَةٍ أَنَا وَمَنِ اتَّبَعَنِي وَسُبْحَانَ اللَّهِ وَمَا أَنَا مِنَ الْمُشْرِكِينَ﴾.

﴿તમે કહી દો કે, મારો માર્ગ આ જ છે, હું અને મારું અનુસરણ કરનારા અલ્લાહ તરફ બોલાવી રહ્યા છે, સંપૂર્ણ ભરોસા સાથે. અને અલ્લાહ પવિત્ર છે અને હું મુશરિકો માંથી નથી﴾. [યૂસુફ: ૧૦૮].

અને આ તમને વધુ નિખાલસતા, હિંમત, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું અનુસરણ કરવા અને ખુત્બાના તે મહાન ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખવા માટે પ્રેરણા આપશે, જેના માટે અલ્લાહ તઆલાએ પોતાના નબીઓ અને પયગંબરોને મોકલ્યા છે, અને તે છે દીનને લોકો સુધી પહોંચાડવો અને તેનો પ્રચાર કરવો, અને આ દુનિયામાં સૌથી મહાન દરજ્જો છે.

બીજું: મિમ્બર પર ચડતા પહેલા અલ્લાહથી દુઆ કરો કે તે તમને નિખાલસતા, તૌફીક અને યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરે, અને તમે જે કહો તેનાથી તમને અને બીજાને પણ ફાયદો પહોંચાડે; કારણ કે એવા ઘણા ઉપદેશકો અને વક્તા છે, જેઓ પોતાની કહેલી વાત પર અમલ કરતા નથી, અને જો અમલ કરે તો પણ, થોડા સમયમાં જ ભૂલી જાય છે, ખાસ કરીને જ્યારે લાંબો સમય વીતી જાય.

અને હમેંશા અલ્લાહ તઆલા પાસે સવાલ કરતા રહો કે તે તમને વ્યાપકતા અને સ્પષ્ટતા આપે.

ત્રીજું: મોટા ભાગે ખુત્બો આપવાના લાંબા સમય પહેલાં ખુત્બાની તૈયાર કરવો, અને બની શકે છે કે તેને

તૈયાર કરવા અને આપવા વચ્ચે મહિનાઓ કે વર્ષોનું અંતર હોય.

જ્યારે તમારા મનમાં કોઈ વિષય આવે, અથવા તમારા વાંચન દરમિયાન કોઈ ફાયદાકારક વાત મળે, કોઈ હદીષ તમને વિચારવા પર મજબૂર કરે, અથવા કોઈ આયત જેના પર તમે ચિંતન-મનન કર્યું હોય: તો તેને વિલંબ કર્યા વિના તરત જ નોંધી લો; કારણ કે તે સમયે ભાવનાઓ પ્રબળ હોય છે, અને વિચારો તાજા અને એકબીજા સાથે જોડાયેલા હોય છે, જો તમે તે સમયે લખવાનું મુલતવી રાખશો, તો તે વિચારો અને ખ્યાલો ખોવાઈ જશે, અને તેમને ફરીથી યાદ કરવા મુશ્કેલ થઈ જશે, પછી મનમાંથી જે પણ વિચાર આવે તેને લખી લો. ત્યાર બાદ, કોઈ પણ તકલીફ વગર, કુરઆન, હદીષ અને તે આલિમોના કથનોમાંથી ઇલ્મી કન્ટેન ભેગું કરવાનું શરૂ કરો, જેમના કથન તમે તેમની કિતાબો પઢતી વખતે અથવા જે કિતાબોમાં તેમના વિશે નકલ કરવામાં આવ્યું હોઈ તેમાં પઢ્યા હોય, અને જરૂર પડે તો મક્તબા શામિલા અથવા ઇન્ટરનેટ પર શોધખોળ કરો.

કુરઆનની આયતો અને નબવી હદીષો, પાછળના સદાચારી લોકોના કથનો અને તેમના કાર્યો, ઇતિહાસ, અને સમકાલીન રબ્બાની આલિમોની વાતોનું ખાસ ધ્યાન રાખવું, વિશેષ રૂપથી તે બાબતોમાં જેનો સંબંધ સમકાલીન અને ઉભરતા મુદ્દાઓ અને ઘટનાઓ સાથે હોય.

જો ખુત્બાના વિષય સાથે સંબંધિત જે કંઈ પણ મળે: તેને લઈ લો અને કોઈ પણ ક્રમાંક અને ચકાસણી વગર કમ્પ્યુટરમાં એક ફાઈલમાં મૂકી દો.

અને આ જ રીતે હંમેશા તે વિષયો અને ફાયદાઓ સાથે કરો, જે તમારા મનમાં આવે અથવા તમારી સામેથી પસાર થાય; તે સમયે જે વિચાર આવે તેને નોંધી લો, અને તમારાથી શક્ય હોય તેટલું તેના પર સંશોધન કરી લખો, પછી તેને છોડી દો અને તમારું નિયમિત પઠન ચાલુ રાખો, પછી જો તમને કોઈ ફાયદો, આયત અથવા હદીષ મળે, જે તમારા દ્વારા લખવામાં આવેલ કોઈ ખુત્બા અથવા તેના કોઈ ભાગથી સંબંધિત હોય, તો તેને તેમાં ઉમેરી લો.

તો બની શકે કે ખુત્બો તમારી પાસે ઘણા વર્ષો સુધી રહે, અને તેને તમારા દર્સમાં, વ્યાખ્યાનોમાં અથવા

તમારી વાતોમાં રજૂ કરો, તો તે દરમિયાન તમારા માટે એવા સૂક્ષ્મ મુદ્દાઓ અને ફાયદાઓ ખુલશે, જેનો તમને પહેલાં ક્યારેય વિચાર પણ નહીં આવ્યો હોય, અને તમને એવી બાબતો યાદ આવશે, જે તમે ભૂલી ગયા હતા, અને બને ત્યાં સુધી તે તૈયાર અને સંપૂર્ણ હશે, જ્યારે તમે તેને જુમ્માના ખુત્બામાં રજૂ કરશો.

ચોથું: તેને મસ્જિદોમાં અથવા તમારી ખાનગી મજલિસોમાં સંપૂર્ણપણે અથવા ભાગ પાડીને બયાન કરો, અને તેનો હેતુ:

અ- માહિતીને દ્રઢ કરવી અને કંઠસ્થ કરવી.

બ- લોકોમાં તેનો પ્રચાર કરવો, ખાસ કરીને એ મસ્જિદોમાં જે મસ્જિદો જામે મસ્જિદથી નજીક ન હોય જ્યાં તમે ખુત્બો આપો છો, અને મોટા ભાગે તમારી જમાઅત તમારી પાસે હાજર રહેતી નથી.

જ- વિષયના ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો, અને મોટે ભાગે જ્યારે તમે તે વિષય રજૂ કરો, ત્યારે તે દરમિયાન અથવા તે પછી કેટલીક મહત્વપૂર્ણ બાબતો સામે આવે છે, જેના વિશે વાત કરવી જરૂરી બને છે, અથવા સાંભળનાર તરફથી કોઈ સવાલ કે સ્પષ્ટતા કરવામાં આવે છે.

પાંચમું: તેને જુમ્માના દિવસે ખુત્બાના લગભગ બે કલાક પહેલાં, ખુત્બાની જેમ જ વર્ણન કરો.

છઠ્ઠું: સંશોધન અને તૈયારીમાં વધુ પડતો પરિશ્રમ ન કરવો, પરંતુ મુખ્ય હેતુ એવુ કન્ટેન ભેગુ કરવાનો હોવો જોઈએ જે સૌ પ્રથમ પોતાને અને પછી દરેક વર્ગના લોકોને ફાયદો પહોંચાડે.

અને મેં જોયું છે કે દરેક બાબતમાં તકલ્લુફ (ચિંતા) નુકસાનકારક અને કષ્ટદાયક છે, અને મોટાભાગે તેનું પરિણામ એ આવે છે કે તેને કરનાર તે કાર્ય છોડી દે છે, અથવા કંટાળો અને સુસ્તીમાં સપડાઈ જાય છે.

(ખુત્બા દરમિયાન ખતીબને સલાહ)

કેટલીક બાબતો છે, જે ખુત્બા દરમિયાન ધ્યાનમાં રાખવી તમારા માટે જરૂરી છે, જેમાંથી:

પહેલું: વાર્તાઓ, પરિસ્થિતિઓ અને પાઠનો અનુભવ કરતી વખતે તમારી લાગણીઓને દબાણ ન કરો કે દબાવશો નહીં. સંદર્ભના આધારે, તમારા ચહેરાના લક્ષણો, આંખના હાવભાવ અને તમારા અવાજના સ્વરમાં ભિન્નતા દ્વારા તમારી લાગણીઓ વ્યક્ત કરો..

અને યાદ રાખો કે તમારી રજૂઆત જેટલી વધુ સ્વાભાવિક અને દંભ મુક્ત હશે, તેટલી જ તે વધુ અસરકારક રહેશે, તેથી પોતાની મૂળ પ્રકૃતિ પર જ રહો, અને ખુત્બા સિવાય સામાન્ય વાતચીતમાં જે તમારી શૈલી છે, તે જ અપનાવો, સાથે સાથે અવાજના ઉતાર-ચઢાવ અને પ્રસ્તુતિને વધુ સારી બનાવવાનો પણ ખ્યાલ રાખો.

અને ઘણા વક્તાઓ ખુત્બા માટે પોતાની સામાન્ય શૈલીથી તદ્દન અલગ શૈલી અપનાવે છે, જાણે કે તેઓ માને છે કે ખુત્બાની એક ખાસ અને એક જ પ્રકારની શૈલી હોય છે, અને તેના કારણે તેઓ લોકો પર પોતાની અસર ગુમાવી દે છે, અને તેમના દિલો સુધી પહોંચી શકતા નથી.

બીજું: ખુત્બો સતત અને એટલો ઝડપથી ન આપો કે સાંભળનાર બરાબર સાંભળી ન શકે, ધીરજથી ખુત્બો આપો અને જરૂર મુજબ રુકી જાઓ, મૌકા પ્રમાણે અવાજના ઉતાર-ચઢાવ પર ધ્યાન આપો, પરિસ્થિતિની જે માંગ હોય, તે પ્રમાણે અવાજને ઊંચો કરો અને વાતમાં ઝડપ લાવો.

ત્રીજું: ખુત્બાના સમયની ચોકસાઈપૂર્વક ગણતરી કરવી, અને જરૂરત સિવાય ખુત્બાને લાંબો ન કરવો.

ચોથું: ખુત્બા દરમિયાન જ્યારે તમે નમાઝીઓથી થતી કેટલીક ભૂલો જુઓ, તો નરમાશથી તેના પર ધ્યાન દોરો, જેમ કે તમે કોઈને ખુત્બા દરમિયાન વાત કરતો જુઓ, તો આ ભૂલ પર સામાન્ય રીતે ચેતવણી આપો.

(ખુત્બા પછી વક્તા માટે સલાહ)

ખુત્બા પછી તમારે કેટલીક બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ, જેમાંથી:

પહેલું: ખુત્બા આપવાની તૌફીક આપવા પર અલ્લાહ તઆલાની પ્રશંસા કરવી.

બીજું: ખુત્બો આપ્યા પછી તેને સાંભળવો, જેનો હેતુ તેમાં રહેલી ખૂબીઓને જાણીને તેને વધુ મજબૂત અને દ્રઢ કરવાનો છે, અને ખામીઓ અને કમીઓને જાણીને તેનાથી બચવાનો અને દૂર રહેવાનો છે.

તે દરેક નીચે પ્રમાણે છે:

પહેલું: ખુત્બાના સ્થાનનું સન્માન કરવું; કારણ કે ઇસ્લામમાં તેનું એક મહત્ત્વ અને દરજ્જો છે.

બીજું: તે નમાઝીઓનો આદર કરવો જેઓ પોતાના પાલનહારની તાબેદારી કરવા, પોતાના સર્જકની પોકાર પર, અને તમારી પાસે જે કંઈ છે તેને મોહબ્બતથી સાંભળવા માટે આવ્યા છે.

તમે તેને કોઈ સાચા નસીહત કરનારને પણ હવાલે કરી શકો છો, જેથી તે તમને તેની સારી અને ખરાબ બાબતો જણાવી શકે.

એવી જ રીતે, જો શક્ય હોય તો તેને રેકોર્ડ કરી તેનો પ્રસાર કરવો, ખાસ કરીને એવા દેશોમાં જ્યાં વક્તાઓ ઓછા હોય, જેથી તમારી સાથે નમાઝ ન પઢતા અન્ય લોકો તેનાથી ફાયદો ઉઠાવી શકે, અને તેને ઑડિયો અને લેખિતમાં પ્રકાશિત કરવામાં આવે.

અને જો તેના માટે સોશિયલ મીડિયા પર પેજ અને એવી જ રીતે કોઈ ખાસ વેબસાઇટ બનાવવામાં આવે, તો તે વધુ શ્રેષ્ઠ છે.

એવી જ રીતે ખુત્બાઓ પ્રકાશિત કરનાર વેબસાઇટો સાથે સહયોગ કરવો અને તેમાં પોતાના ખુત્બાઓ પ્રકાશિત કરવા, ખાસ કરીને અનુવાદ થયેલા ખુત્બાઓ, તેની ઓછી સંખ્યાને કારણે.

(વક્તા માટે અને અલ્લાહ તરફ બોલાવવાવાળા માટે સામાન્ય નસીહતો)

હે જુમ્માના પ્રવચક ભાઈ!, નીચે કેટલીક નસીહતો રજૂ કરવામાં આવી છે, જે હકીકતમાં આપણા સૌ માટે એક નોંધપાત્ર છે:

(ખુશખબર આપો, નફરત ન ફેલાવો)[1]

સફળ અને કામયાબ ખુત્બો આપનાર તે છે જે ખુશખબરી આપે અને નફરત ન ફેલાવે, લોકોમાં આશા અને ઉમ્મીદની ભાવના ઉત્પન્ન કરે, નિરાશા અને આળસને દૂર કરે અને મહેનત તેમજ કાર્ય માટે પ્રેરણા આપે છે.

હે પ્રવચક ભાઈ!, તમે તે વાતથી સાવચેત રહો કે તમારા ખુત્બાના વિષયો માત્ર દુર્ઘટનાઓ, મુસીબતો અને નકારાત્મક વાતો પર જ કેન્દ્રિત ન હોય, જે દરેક સમયે અને દરેક જગ્યાએ થતી હોય છે, પરંતુ તમારા મોટાભાગના ખુત્બા આશાવાદ અને સારા અખ્લાક,

---

[1] - અબૂ દાવૂદ, હદીષ નંબર: (૫૩૧), ઈબ્ને માજહ, હદીષ નંબર: (૯૮૭), અહમદ, હદીષ નંબર: (૧૭૯૦૬), વગેરે, અને ઈમામ અલ્બાની રહિમહુલ્લાહએ સહીહ કહી છે.

વર્તન અને વ્યક્તિઓના ઉજ્જવળ ઉદાહરણોના વર્ણન વિશે રાખો, જેથી લોકો આ અખ્લાક, વર્તન અને તે વ્યક્તિઓને પોતાના માટે આદર્શ બનાવે.

અને જો તમે કોઈ ભૂલ જુઓ, તો શરઈ રીતે અને યોગ્ય અંદાજમાં તેના વિષે તાકીદ કરો અને લોકોને તેનાથી સાવચેત કરવા જાઈઝ છે.

(સામાન્ય લોકોને તમારી નજર સમક્ષ રાખો)[1]

અલ્લાહ તમારું રક્ષણ કરે, તમે સામાન્ય લોકોને તમારી નજર સમક્ષ રાખો: કારણ કે તેઓ જ તમારા ખુત્બાઓ અને નસીહતોના સૌથી વધારે હકદાર અને યોગ્ય છે; કારણ કે પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ઉસ્માન બિન્ અબિલ્ આસ ને, જ્યારે તેમને તેમની કૌમના ઇમામ બનાવવામાં આવ્યા, ત્યારે કહ્યું:

"وَاقْتَدِ بِأَضْعَفِهِمْ"([8]).

"તેમનામાંના સૌથી કમજોરને અનુસરો".[2]

---

1 - "મદારિજુસ્સાલિકીન બૈન મનાઝિલિ ઇય્યાક નઅબુદુ વ ઇય્યાક નસ્તઈન": (૨/૬૬).

2 - "સૈદુલ ખાતિર": ૬૭.

અર્થાત્: કમજોર લોકોની પરિસ્થિતિનો ખ્યાલ રાખો, અને એવી નમાઝ પઢો જે તેમના માટે મુશ્કેલ ન હોય, અને સમજણમાં કમજોર લોકોનો ખ્યાલ રાખવો તે શારીરિક રીતે કમજોર લોકોનો ખ્યાલ રાખવા કરતાં ઓછો મહત્ત્વપૂર્ણ નથી.

અને જો તમે ખાસ ખાસ લોકો, તથા તમારા ચાહકો અને વિદ્યાર્થીઓનું ધ્યાન રાખશો અને સામાન્ય લોકોની અવગણના કરશો: તો તે તમને ઘણી મુશ્કેલીઓ તરફ દોરી જશે:

પહેલી બાબત: શબ્દોની પસંદગીમાં ચોક્સાઇ રાખવી, અને એવી તુકબંધી અને વિષયો ઘડવા જે મોટાભાગના સામાન્ય લોકોના બદલે ફક્ત તેમના સ્તરના લોકો માટે અનુકૂળ હોય.

બીજી બાબત: સામાન્ય લોકોને ફાયદાકારક નસીહતો અને સામાજિક મુદ્દાઓના નિરાકરણથી વંચિત રાખવા; કારણ કે તમે બુદ્ધિશાળી અને અન્ય લોકોને જે બાબતોમાં રસ છે, તેમાં વ્યસ્ત થઈ ગયા છો, તેઓ ઇલ્મની બારીકીઓ અને ઇસ્તિમ્બાત (તારણો), તથા નવી અને વિચિત્ર વાતો વિષે સાંભળવા માંગે છે, અને તેમાંથી કેટલાક રાજકારણ અને વાસ્તવિકતામાં ડૂબી જવાની

વાતો સાંભળવા માંગે છે, અને આ વાતો તેમને તેમના દીન કે દુનિયામાં કોઈ ફાયદો નહીં પહોંચાડે.

ત્રીજી બાબત: નિયતમાં ખોટ કે તે ફક્ત અલ્લાહ માટે નિખાલસ હોવાના બદલે, તમારા ચાહનારાઓનું ધ્યાન રાખવા અને તેમને જે પસંદ આવે તેને પ્રસન્ન કરવા તરફ વળી ગઈ હોય.

પછી જ્યારે તમે લોકોને તમારા ખુત્બાથી પ્રભાવિત થતા જુઓ, અને તેઓ તેને સાંભળવા તથા તેમાં હાજર રહેવા માટે ઉતાવળ કરતા હોય, તો નિઃશંકપણે તમે પણ તેમની પસંદગીનો ખ્યાલ રાખશો, અને તેમને રાજી કરે એવો જ ખુત્બો આપશો.

અને ત્યારે અલ્લાહ તઆલા તમારામાંથી બરકત, સ્વીકાર, નફો અને ફાયદો છીનવી લે શે.

વક્તા માટે જરૂરી છે કે તે સામાન્ય લોકોના ફાયદાનું ધ્યાન રાખે, તેનો અર્થ એ નથી કે તે એવા મહત્વપૂર્ણ મુદ્દાઓનો ઉલ્લેખ ન કરે, જે તેમનામાંથી ઘણાના સમજણના સ્તરથી ઉપર હોય, અને જેમાંથી જ્ઞાનના વિદ્યાર્થીઓ અથવા જવાબદાર લોકો જેવા કેટલાક નિષ્ણાતો લાભ મેળવી શકે; પરંતુ આ જરૂરત પ્રમાણે કરવું જોઈએ.

(સ્વં પ્રશંશા કરવાથી અથવા લોકોની પ્રશંસાથી બચવું જોઈએ).[1]

જ્યારે જુમ્માનો ખતીબ (વક્તા) મિમ્બર પર ચઢે છે, અને લોકોના સમૂહને જુએ છે, જે તેની પાસે હાજર થયા છે અને ખાસ તેના માટે જ આવ્યા છે, અને તેમનામાં આલિમ, તબીબ, વડીલ, કાઝી, ધનવાન અને કોઈ જવાબદાર વ્યક્તિને જુએ છે: તો તેના દિલમાં પોતાના માટે અભિમાન આવી શકે છે, ખાસ કરીને જો તેને ખબર હોય કે તેમાંથી ઘણા લોકો તેના માટે જ આવ્યા છે, તેથી એક સમજદાર ખતીબ (વક્તા) માટે જરૂરી છે કે તે અભિમાન અને ઘમંડથી અલ્લાહની પનાહ માંગે, અને દરેક જુમ્માએ અભિમાન અને આત્મ-પ્રશંસાથી છુટકારો મેળવવા માટે પોતાના નફ્સ સાથે જિહાદ કરે, અને તેનો શ્રેય અલ્લાહ તઆલાને આપે, જેણે લોકોને તેની તરફ વાળ્યા છે.

કેટલાક સલફ (સદાચારી પૂર્વજો)એ કહ્યું: «જ્યારે તમે લોકો સમક્ષ બેસો તો પોતાના દિલ અને નફ્સને

---

[1] - આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહ (અલ્લાહ તેમના પર રહેમ કરે)એ રિવાયત કરી છે, હદીષ નંબર: (૨૬૪૨).

શિખામણ આપનાર બનો, અને તેમનું તમારી આસપાસ ભેગા થવું તમને ધોખામાં ન નાખે; કારણ કે તેઓ તમારા જાહેર પર નજર રાખે છે, અને અલ્લાહ તમારા આંતરિક પર નજર રાખે છે».[1]

તેથી તમારા માટે સર્વશ્રેષ્ઠ અલ્લાહ માટે નિખાલસતા અપનાવવી અને તમારા ઇમાનને મજબૂત કરવું જરૂરી છે, અને લોકોની પ્રસંશાથી ખુશ થવાથી બચવું જોઈએ; કારણે કે ઘણા લોકો જ્યારે પ્રસંશા કરે છે, તો હદ વટાવી દે છે, અને તમે પોતાની જાતને વધુ સારી રીતે જાણો છો.

ઈમામ ઇબ્ને જવ્ઝી રહિમહુલ્લાહએ કહ્યું: «સૌથી મોટી કસોટી સામાન્ય લોકોની પ્રશંસા છે, તેણે તો કેટલાયને પથભ્રષ્ટ કર્યા છે!».[2]

લોકો તમારા અથવા તમારા ખુત્બાઓના વખાણ કરે અને તેનાથી તમને ખુશી થાય, તો આ કોઈ ખામી નથી; કારણ કે અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ

---

[1] - ઈમામ ઈબ્ને રજબ રહિમહુલ્લાહ (અલ્લાહ તેમના પર રહેમ કરે)ની કિતાબ, "જામિઉલ્ ઉલૂમ વલ્ હિકમ": ૧/૮૪.

[2] - આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહ (અલ્લાહ તેમના પર રહેમ કરે) એ રિવાયત કરી છે, હદીષ નંબર: (૮૬૯).

વસલ્લમને પૂછવામાં આવ્યું: “એવા વ્યક્તિ વિશે તમારો શું અભિપ્રાય છે, જે ભલાઈનું કાર્ય કરે છે, અને લોકો તેના પર તેના વખાણ કરે છે?” તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

«تِلْكَ عَاجِلُ بُشْرَى الْمُؤْمِنِ» ([11]).

«તે મોમિન માટે તાત્કાલિક ખુશખબરી છે».[1]

જ્યારે મોમિન અમલ કરે છે «જો કોઈ વ્યક્તિ ફક્ત અલ્લાહ માટે જ અમલ કરે, પછી અલ્લાહ તેના માટે મોમિનોના દિલોમાં તેની પ્રશંસા નાખી દે, અને તે અલ્લાહની કૃપા અને રહેમતથી ખુશ થાય અને તેનાથી આનંદિત થાય, તો આ બાબત તેને કોઈ નુકસાન પહોંચાડતી નથી».[2]

ખરેખર ખામી અને ગુનાહ એ છે: જ્યારે તેઓ પોતાના વખાણના કારણે ઇતરાવવા લાગે, પોતાની મહેનત અને કાર્યો પર ખુશ થાય, સફળતાનો શ્રેય પોતાની જાતને આપે, અને તેની આ ખુશી અલ્લાહની કૃપા, તેની દયા

---

1 - ઈબ્ને આશૂરની કિતાબ: "ઉસૂલુલ ઇન્શાઅ વલ્ ખિતાબહ": (પેજ નંબર: ૧૨૬).

2 - મુહમ્મદ અલ્ ખિઝ્ર હુસૈનની કિતાબ: "અલ્ ખિતાબહ ઇન્દલ્ અરબ", પેજ નંબર: ૧૮૯.

અને કરમના કારણે ન હોય, જેણે તેના માટે ભલાઈ લાવી, તેને પ્રિય બનાવી અને તેના માટે સરળ કરી દીધી.

આત્મ-પ્રશંસાની બિમારીની નિશાની એ છે કે ટીકાથી નફરત કરવી અને નસીહત કરનારની નસીહતને નાપસંદ કરવી.

(એવી વાત કરો જે તેમના દીન અને દુનિયામાં તેમને ફાયદો પહોંચાડે)[1]

જે લોકો સાંભળવા માટે આવ્યા છે તેમને એવી વાતો સંભળાવો, જે તેમના દીન અને દુનિયા માટે ફાયદાકારક હોય અને તૈયારી કરતી વખતે પોતાની જાતને પૂછો: જ્યારે લોકો મસ્જિદ માંથી બહાર નીકળશે, તો હું તેમના દીન અને અખ્લાકમાં શું ફાયદો પહોંચાડી શકીશ?

અને જેનાથી તેઓને કોઈ ફાયદો ન થાય, તેનો ઉલ્લેખ ન કરવો.

જો હું, દાખલા તરીકે, રાજનીતિની સૂક્ષ્મતાઓ પર વાત કરું, અથવા મુસલમાનોની મુસીબતો વિશે વધારે પડતી વાત કરું, તો તેમને શું ફાયદો થશે?

---

[1] - બુખારી: (૩૫૬૮), અને મુસ્લિમ: (૨૪૯૩).

અને મારા એવા વિષયને રજૂ કરવાથી લોકોને શું ફાયદો થશે, જે તેની સંવેદનશીલતા અને તેને સ્પષ્ટ રીતે રજૂ કરવાના મારા ડરને કારણે અસ્પષ્ટ હોય, અને હું એવા ઇશારાઓ દ્વારા વાત કરું જેને ખાસ લોકોમાંથી પણ ખાસ લોકો સિવાય કોઈ સમજી ન શકે?

અને આગેવાનને લોકોની સામે, સ્પષ્ટપણે અથવા સંકેત દ્વારા સલાહ આપવાથી તેઓને શું ફાયદો થશે, તેમજ આગેવાનને જાહેરમાં સલાહ આપવાથી સલફ઼ે સાલિહીને રોક્યા છે; કારણ કે તે મોટાભાગે ફિત્નાઓને ઉશ્કેરે છે, અને ઉપદેશકને નુકસાન પહોંચાડે છે.

(ખુત્બા દરમિયાન શાંતિ જાળવવી)[1]

ખુત્બા દરમિયાન શાંત રહેવું, અને જોશમાં આવીને વિષયથી બહાર ન નીકળવું, અથવા એવી કોઈ વાત ન કરવી, જેના પર પછીથી પસ્તાવો થાય, જ્યારે વક્તાનો જોશ વધી જાય, ત્યારે તે મોટાભાગે પોતાનું ધ્યાન અને પોતાની વાતથી કાબૂ ગુમાવી દે છે, અને કદાચ તેનો અવાજ એ હદે વધી જાય છે કે ઘણા સાંભળનારાઓને તકલીફ પહોંચે છે.

---

[1] - "ઝાદુલ્ મઆદ ફી હદય ખૈરિલ્ ઈબાદ": ૧/૪૦૯-૪૧૦.

(ખુત્બાને લાંબો કરવાથી બચવું)[1]

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ખુત્બો નાનો આપતા હતા, અને તેમના સહાબીઓ રઝી અલ્લાહુ અન્હુમ અને તેમના પછી આવનારા ઉમ્મતના સલફ, અલ્લાહ તઆલા તેમના પર રહેમ કરે, પણ આ પ્રમાણે જ કરતા હતા.

અબૂ વાઇલ રહિમહુલ્લાહે કહ્યું: અમ્માર રઝી અલ્લાહુ અન્હુએ અમને ટૂંકો અને ખૂબ જ અસરકારક ખુત્બો આપ્યો, જયારે તેઓ નીચે ઉતર્યા, તો અમે કહ્યું: હે અબૂ યકઝાન! તમે ખૂબ જ અસરકારક અને ટૂંકો ખુત્બો આપ્યો, કાશ તમે તેને થોડો લંબાવ્યો હોત? તો તેમણે કહ્યું: મેં અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને કહેતા સંભાળ્યા છે:

«إِنَّ طُولَ صَلَاةِ الرَّجُلِ، وَقِصَرَ خُطْبَتِهِ، مَئِنَّةٌ مِنْ فِقْهِهِ، فَأَطِيلُوا الصَّلَاةَ، وَاقْصُرُوا الْخُطْبَةَ، وَإِنَّ مِنَ الْبَيَانِ سِحْرًا» ([13]).

«ખરેખર માનવીની લાંબી નમાઝ અને નાનો ખુત્બો તેની સમજદારીની નિશાની છે, બસ તમે નમાઝ લાંબી

[1] - "અગાઉનો સ્રોત": ૧/ ૩૮૬.

પઢો અને ખુત્બો નાનો આપો, ખરેખર કેટલીક વાણીમાં જાદુ હોય છે».

તેમનું કહેવું (તમે શ્વાસ લીધો): અર્થાત્ તમે ખુત્બો લાંબો કર્યો.

તેમનું કહેવું: (મઈન્નતુન્): અર્થાત્ નિશાની, (મિન્ ફિક્હિહિ): «અર્થાત્ જે બાબતોથી વ્યક્તિની સમાજમાં ઓળખ થાય, અને તે દરેક વસ્તુ જે કોઈ વસ્તુનો પુરાવો હોય, તે તેની નિશાની છે.

ટૂંકા ખુત્બાના ત્રણ કિંમતી ફાયદાઓ છે:

પહેલો ફાયદો: સુન્નતનું અનુસરણ.

બીજો ફાયદો: ખુત્બો તૈયાર કરવામાં સરળતા રહે છે, અને તેને તૈયાર કરતી વખતે, આપતી વખતે, તેમજ તે પૂરો કર્યા પછી માનસિક શાંતિ મળે છે.

ઘણા ખતીબો જુમ્માની ફજરથી અથવા તે પહેલાથી જ ખુત્બા બાબતે ચિંતિત રહેતા અને માનસિક રીતે તેની તૈયારીમાં વ્યસ્ત રહેતા હતા, પરંતુ જ્યારે તેઓએ ખુત્બો નાનો કરી દીધો અને તેમાં દસ મિનિટથી વધુ સમય ન લીધો, ત્યારે તેમની બધી જ ચિંતા અથવા મોટાભાગની પરેશાની દૂર થઈ ગઈ.

ત્રીજો ફાયદો: સાંભળનાર માટે સરળતા; કારણકે લગભગ બધા જ લોકો ખુત્બો ટૂંકો કરનારથી ખુશ રહે છે, અને તેને લાંબો કરનારથી દ્વેષ રાખે છે.

ખતીબ અને સાંભળનાર માટે યોગ્ય સમય લગભગ દસ મિનિટથી પંદર મિનિટ સુધીનો છે; કારણકે લોકો લગભગ તે વાત પર સહમત છે કે લાંબા ખુત્બા કરતાં નાનો ખુતબો તેમને વધુ પ્રિય અને તેમના માટે વધુ સરળ છે.

(અપ્રચલિત વાતોથી દૂર રહેવું)

અજાણી અને જટિલ વાતોથી બચવું: લોકોને તમારી એવી વાતની જરૂર નથી, અને તેનાથી તેમને કોઈ ફાયદો પણ નથી, બની શકે છે કે તેને રજૂ કરવામાં અને તેનો વધુ પડતો ઉપયોગ કરવામાં નફસનો સ્વાર્થ રહેલો હોય.

વિખ્યાત અદીબો અને વકતૃત્વકારોએ અપ્રચલિત અને દુર્બોધ નિવેદનોથી સચેત કર્યા છે.

(સંયોજન વાક્યોથી દૂર રહેવું)

સજઅ (કવિતા): તે "ગદ્ય વાતચીતમાં વાક્યોનો અંત એક જ વજન પર થવો છે", અને શાણપણવાળી

શરીઅતે બળજબરીથી સજઅ (કવિતા) કરવાથી રોક્યા છે, અને સાહિત્યકારો અને વક્તાઓએ નાપસંદ કર્યું છે; «કારણકે સજઅ (કવિતા)માં બળજબરીથી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે, જે સાંભળનારાઓને તેના અર્થને સંપૂર્ણ સમજવાથી રોકે છે, પરંતુ જો સજઅ (કવિતા)ને છૂટ આપવામાં આવે, તો ફક્ત તેન પ્રયત્ન વગર સ્વાભાવિક રીતે થઈ જાય છે, એટલે કે, એ સજઅ (કવિતા) જે બોલનાર પાસે જાતે આવે છે, ન કે એ સજઅ (કવિતા) જેને બોલનાર પોતે શોધે છે».

તેથી તમે બળજબરીથી શાયરી (કવિતા)નો ઉપયોગ કરવાનું છોડી દો; કારણકે તેને બળજબરીથી બનાવવાનો પ્રયત્ન તમને તેને ઘડવાની મહેનતમાં નાખશે, અને સાંભળનારાઓને તેને સમજવાની તકલીફ આપશે, પરંતુ જો તે સહેલાઈથી તમારા મનમાં આવી જાય, તેના શબ્દો તમારી જબાન પર હળવા હોય, અને સાંભળનાર માટે સમજવામાં સરળ હોય, તો તેમાં કોઈ વાંધો નથી.

(જાહેર દેખાવની યોગ્ય કાળજી રાખવી)

ખુતબો આપનાર વ્યક્તિ પોતાના બાહ્ય દેખાવની સુધારાની કાળજી, તેના આંતરિક બાતેનની કાળજીથી

ઓછી નથી, અને જાહેરનો સુધાર કે બગાડ તે આંતરિકના સુધારા કે બગાડનું જ પરિણામ છે, અને ખુત્બો આપનાર વ્યક્તિના દેખાવની સ્વસ્થતા નીચે મુજબ છે:

પહેલું: તેના પોશાકની સુંદરતા અને સ્વચ્છતા, જે ખર્ચાળુંથવા વ્યર્થ વગર હોય.

બીજું: શરીરની સુંદરતા તેની સફાઈ, સારી સુગંધ, મૂછો કાપવી અથવા નાની કરવી, અને દાઢી રાખવી છે.

ત્રીજું: ચહેરાની સુંદરતા એ છે કે મસ્જિદની બહાર લોકોને સલામ કરતી વખતે, ખુત્બા માટે દાખલ થતી વખતે અને તે પૂર્ણ કર્યા પછી ચહેરો હસતો અને પ્રસન્ન રહે; કારણકે સાચું સ્મિત, હસતો ચહેરો અને સારી પ્રસન્નતા, લોકોને ખુત્બો આપનાર, તેના ખુત્બાઓ અને તેની શિખામણો પ્રત્યે મોહબ્બત ઉત્પન્ન કરે છે, અને આ તે વ્યક્તિ માટે ઇબાદત છે, જે તેમાં અલ્લાહ માટે નિખાલસતા અપનાવે છે, અને તે જ દિલ અને દિમાગ પર છવાઈ જાય છે, પ્રસન્ન ચહેરાવાળાના કાર્યો પ્રશંસનીય હોય છે અને તેની નાની ભૂલો સ્વીકાર્ય હોય છે, તેનાથી વિપરીત જે ભવાં ચઢાવેલ ક્રોધિત ચહેરાવાળો હોય, તો તે એવા લોકોમાંથી છે, જેમનાથી

પનાહ માંગવામાં આવે છે, અને તેને મળતી વખતે દિલમાં દુઃખ અને સંકડાશ છવાઈ જાય છે.

માટે, હે મારા ખતીબ ભાઈ!, હસમુખ બનો; તમે જોશો કે હૃદયમાં શાંતિ મળશે, લોકો તમારા તરફ આકર્ષિત થશે, તેઓ તમને સારા શબ્દોમાં યાદ કરશે, તમારા માર્ગદર્શન અને શિખામણોને સ્વીકારશે, અને તમારી ભૂલો અને ચૂક માટે કારણ શોધશે.

ચોથું: ચાલવામાં, મિમ્બર પર ચઢવામાં, તેના પર બેસવામાં, અને બેસવા તથા ખુત્બા દરમિયાન લોકોનું સારી રીતે સ્વાગત કરવામાં નમ્રતા અને અદબનો ખ્યાલ રાખવો.

તે પણ જોવા મળે છે: કેટલાક વક્તાઓ જ્યારે ખુત્બા પહેલાં બેસે છે, ત્યારે તે એવી રીતે બેસે છે કે જાણે તેને લોકોની કોઈ ચિંતા નથી, અને લોકોના ચહેરા જોવામાં વ્યસ્ત રહે છે, અને જ્યારે તે ખુત્બો શરૂ કરે છે, ત્યારે લોકો તરફ એવી નજરથી જુએ છે, જેનાથી એવું લાગે છે કે તેને તેમની કોઈ ચિંતા નથી, જાણે કે તે લોકોને એવું બતાવવા માંગતો હોય કે તે બહાદુર અને નીડર છે, અને તે લોકોને કઠોર અને ઊંચા અવાજમાં સીધા આદેશો અને

પ્રતિબંધો સાથે સંબોધિત કરે છે, આ શૈલીને લોકો સ્વીકારતા નથી, પરંતુ તેનાથી નફરત પેદા થાય છે.

પાંચમું: જરૂરત વગર દાઢી પર હાથ ન ફેરવવો, અને ખાસ કરીને મિમ્બર પર બેસવા દરમ્યાન આમ-તેમ વધારે ન જોવું; કારણ કે તેનાથી વક્નોતા ગૌરવ ઘટે છે, અથવા તે સામે બેઠેલા લોકો પ્રત્યે તેની બેપરવાહી દર્શાવે છે.

છઠ્ઠું: નમ્રતા અને અદબથી મિસ્વાક કરવું, કેટલાક ખતીબો - અલ્લાહ તેમને હિદાયત આપે - જ્યારે મસ્જિદમાં દાખલ થાય છે, ત્યારે લોકોનું ધ્યાન ખેંચે તે રીતે મિસ્વાક કરે છે, અને તેમાંથી કેટલાક તો ખુત્બો શરૂ થવાના થોડા સમય પહેલા સુધી મિસ્વાક કરતા રહે છે, જેના કારણે મિસ્વાકના અમુક અંશો તેમના મોઢામાં રહી જાય છે, જેને તેઓ ખુત્બો આપતી વખતે બહાર કાઢે છે, આ એક ઘૃણાસ્પદ કૃત્ય છે, અને તેનાથી લોકો અને ખુત્બાના મહાન સ્થાન પ્રત્યે તેમની બેદરકારી દેખાય છે.

સાતમું: કપડાં પહેરવામાં સુન્નતનું પાલન કરવું, એટલે કે કપડાંને ઘૂંટી નીચે લટકાવવાથી બચવું, અને દાઢી રાખવી; કારણકે વક્તા એક આદર્શ હોય છે, તો લોકો એવા વ્યક્તિનું અનુસરણ કેવી રીતે કરશે, જેનું

કાર્ય તેના કથનથી વિપરીત હોય, અને લોકો તેના કથનથી કેવી રીતે પ્રભાવિત થશે, જેની વાતનો અસર તેના પોતાના પર જ થતો ન હોય?

આઠમું: વાતચીત કરતી વખતે શરીરની શાંતિ; કારણકે તે નફ્સની શાંતિનો પુરાવો છે.

(ખુત્બાની તૈયારીના સમયનો તફાવત)

ખુતબાની તૈયારીનો સમય: તે વક્તાની સમજ, જ્ઞાન અને રજૂ કરવાના વિષય મુજબ અલગ હોય છે, અને વિષય બે પ્રકારના હોય છે:

પહેલો પ્રકાર: ખુત્બો ઇલ્મી (જ્ઞાનથી ભરપુર) હોવો જોઈએ, જેમકે ફિકહી (ન્યાયશાસ્ત્ર) અથવા અકીદાના મુદ્દાઓ અને તેના મૂળભૂત સિદ્ધાંતો, તો આવા વિષયોને તેમની મહત્તવતા પ્રમાણે સમય આપવો જરૂરી છે, અને તેની અવગણના કરીને ખુત્બાના થોડા કલાકો પહેલા તેની તૈયારી કરવી યોગ્ય નથી.

બીજો પ્રકાર: તે ઉપદેશાત્મક અથવા સામાજિક વગેરે હોય છે, તેથી તેની તૈયારીનો સમય મોટાભાગે ટૂંકો હોય છે.

અને મારી નસીહત એવા નવા વક્તાઓ માટે છે- જેમની પાસે પૂરતો અનુભવ અને જ્ઞાન નથી-: તેઓ શરૂઆતમાં પોતાનાથી પહેલાના લોકોના ખુત્બાઓથી ફાયદો ઉઠાવે, અને તે જેમનાથી ફાયદો ઉઠાવે, તેમના ખુત્બાઓમાં ત્રણ વિશેષતાઓ હોવી જોઈએ:

પહેલી: તે ટૂંકો હોવો જોઈએ, જેથી તેને આપવામાં મુશ્કેલી ન થાય.

બીજી વિશેષતા: તે વ્યાકરણ અને જ્ઞાનની દૃષ્ટિએ સુરક્ષિત હોય.

ત્રીજી : તેના શબ્દો અને વાક્યો બનાવટી ન હોવા જોઈએ

સમય પસાર થવાની સાથે તેમાં જે યોગ્ય લાગે તે મુજબ સુધારો કે વધારો કરવામાં કોઈ વાંધો નથી, પછી તેણે પહેલાના લોકોથી લાભ મેળવીને, પોતાની જાતે ખુત્બો લખવાનો પ્રયાસ કરવો જોઈએ.

(શ્રોતાઓને સીધા હુકમો આપવાથી બચવું)

એવા શબ્દોથી બચો - અલ્લાહ તમારી રક્ષા કરે અને તમને માર્ગદર્શન આપે - જેમાં બોલનારના બદલે ફક્ત સાંભળનારાઓ માટે જ આદેશ હોય, જેમ કે: ‘તમે કરો’

અથવા ‘તમે ન કરો’. તેના બદલે આવા શબ્દોનો ઉપયોગ કરો: ‘ચાલો આપણે કરીએ’, અને ‘ચાલો આપણે છોડી દઈએ’, વગેરે; કારણકે આ પદ્ધતિ સાંભળનારાઓને તમારી નમ્રતાનો અને તેમના માટે ભલાઈ પસંદ કરવાનો અનુભવ કરાવે છે, જેમ તમે પોતાના માટે પસંદ કરો છો, અને એ પણ કે તમે તેમનાથી ન તો દીનમાં શ્રેષ્ઠ છો કે ન તો ચરિત્રમાં.

સફળ વક્તા તે છે, જે બીજા લોકોને સંબોધિત કરતા પહેલા પોતાની જાતને સંબોધે અને બીજાને ઉપદેશ આપતા પહેલા પોતાની જાતને ઉપદેશ આપે, તેથી ખુત્બામાં તેની વાત લોકોને કહેતા પહેલા સૌ પ્રથમ પોતાની જાત માટે હોય છે, અને જ્યારે તે આમ કરે છે, તો અલ્લાહ તેનો દરજ્જો બુલંદ કરે છે, અને તેની વાતથી તેને જ ફાયદો પહોંચાડે છે, અને તેના માર્ગદર્શન, સ્વીકૃતિ અને સચ્ચાઈમાં વધારો કરે છે.

(પ્રવચનમાં અનુસરણ ક્યારે યોગ્ય અને ક્યારે અયોગ્ય છે?)

કોઈ ખાસ વક્તાની શૈલી કે વિષય વસ્તુનું કોપી ન કરો; કારણ કે જે તેમના માટે યોગ્ય હોય, તે તમારા માટે

યોગ્ય ન પણ હોય, અને કોપી તમારી સર્જનાત્મકતા અને પ્રતિભાઓને નષ્ટ કરી દે છે, માટે તમારા પાલનહારે તમને જે ક્ષમતાઓ, પ્રતિભાઓ અને જ્ઞાન આપ્યું છે, તે મુજબ ખુત્બો આપો.

શરૂઆત કરનાર માટે, બીજા પાસેથી શૈલી અને વિષય કન્ટેનમાં લાભ મેળવવામાં કોઈ વાંધો નથી, પરંતુ તેણે તેની નકલ ન કરવી જોઈએ, તેના બદલે તેને પોતાની ઉન્નતિ માટે ફાયદાકારક બનાવવું જોઈએ.

(ઓછી સંખ્યા જોઈ ચિંતા ન કરો, અને મોટી સંખ્યા પર ઇતરાવો નહીં)

જાણી લો - અલ્લાહ તઆલા તમારા દ્વારા ફાયદો પહોંચાડે, મન વધુ સાંભળનારા અને હાજર રહેનારા લોકોની ઈચ્છા રાખે છે, ખાસ કરીને તમારા સગાસબંધીઓ અને મિત્રોની, અને કદાચ તમે તેમની હાજરી વિશે પૂછો છો, અથવા તેમનામાંથી કોઈના હાજર ન થવા પર (ભલેને દિલમાં જ) ઠપકો આપો છો, તો આ બીમારીથી છુટકારો મેળવવા માટે પોતાના નફ્સ સાથે જિહાદ (યુદ્ધ) કરો, તેમનું તમારી પાસે હાજર ન થવાનો અર્થ એ નથી કે તમે નબળા છો, પરંતુ એટલા માટે કે

તેમને બીજા વક્તા પાસે વધુ શાંતિ અને ફાયદો મળે છે, અથવા તે સ્થળ તેના ઘરની નજીક હોવાથી, અથવા અન્ય કારણોસર.

અને સાચો વક્તા જ્યારે સાંભળે કે લોકો તેના સિવાય બીજા કોઈ પાસે હાજરી આપી રહ્યા છે, તો ખુશ થાય છે, અને તેના માટે અલ્લાહ પાસે સફળતા અને ફાયદાની દુઆ કરે છે, અને જ્યારે તેના વિશે કોઈ ભલાઈની વાત જાણે તો તેની પ્રશંસા કરે છે.

અને જ્યારે તમે જુઓ કે તમારી પાસે લોકોની સંખ્યા ઓછી છે અને તેઓ તમારાથી વિમુખ થઈ રહ્યા છે: તો પોતાનું આત્મનિરીક્ષણ કરો, બની શકે કે ખામી તમારા તરફથી જ હોય, ક્યાં તો તમારી શૈલીની નબળાઈના કારણે, અથવા તમે જે વિષય રજૂ કરો છો, તેની નબળાઈના કારણે, અથવા ખુત્બાને લાંબો કરવાના કારણે, અથવા તમારી નિખાલસતામાં કમીના કારણે, અથવા આ સિવાયના બીજા કોઈ કારણોસર.

સાચા અને નિખાલસ ભાઈઓ પાસેથી સલાહ લો, તેમને તમારી પાસે હાજર રહેવા અથવા તમારો ખુત્બો સાંભળવા માટે બોલાવો, અને તેમની પાસેથી નિખાલસતાપૂર્વક તેમની ટીપ્પણીઓ અને અભિપ્રાયો

માંગો, અલ્લાહ તઆલાની ઇચ્છાથી તમને લાભદાયી પરિણામો પ્રાપ્ત થશે.

(સારી તૈયારીની મહત્ત્વતા)

જો તમે મૌખિક રીતે ખુત્બો આપતા હોવ તો: તમારા માટે જરૂરી છે કે તેની સારી રીતે તૈયારી કરો, અને તેમાં ક્યારેય બેદરકારી ન કરો, ભલે તમને વિષય સરળ અને સહેલો લાગતો હોય, અને તમે અગાઉ તેના પર ચર્ચા કરી ચૂક્યા હોવ.

સારી તૈયારી કરવી: ખુત્બો આપનારાઓ માટે સૌથી આનંદદાયક બાબતોમાંથી એક છે; પરંતુ તેઓ જુમ્માના દિવસની રાહ જોતા હોય છે, જેથી તેઓએ જેના પર મહેનત કરી છે અને તેને તૈયાર કર્યું છે, તેને રજૂ કરી શકે.

હંમેશા તૈયારી ન કરવી અને બીજાના ખુત્બા પર સંતોષ કરી લેવો, તેના ઘણા નુકસાન છે, તેમાંથી કેટલાક નીચે મુજબ છે:

પ્રથમ: હિંમતની નબળાઈ, દ્રઢ સંકલ્પની કમજોરી, અને સ્વાર્થી હોવાના કારણ તેઓ બીજાઓનું કોપી કરવામાં જ સંતોષ થઇ જાય છે.

બીજું: તે તમારા ઉત્સાહ, સ્ફૂર્તિ અને આનંદને ખત્મ કરી દે છે, પછી તે એક એવો બોજ બની જાય છે, જેને તમે તમારાથી દૂર કરવા માંગો છો, અને તેની અસર તમારી રીત-ભાત અને લોકોની તમારા પ્રત્યેની સ્વીકૃતિ પર પડે છે.

ત્રીજું: ઘણા લોકોને એવું લાગે છે કે વક્તાએ પોતે ખુત્બો તૈયાર નથી કર્યો, પરંતુ કોઈ બીજાનો નકલ કર્યો છે; કારણ કે ખુત્બાની શૈલી અને કન્ટેન વક્તાની પોતાની શૈલી અને સ્તરથી અલગ હોય છે, તેથી લોકો તે ખુત્બાને સ્વીકારતા નથી.

ચોથું: તમને તેનાથી કોઈ ફાયદો નહીં થાય, અને જો થાય પણ તો તે ખૂબ જ નજીવો હશે; કારણકે જે અમલ માટે તેનો કરનાર સંશોધન અને તૈયારીમાં મહેનત નથી કરતો, તે જલ્દીથી ભૂલાઈ જાય છે અને વિલીન થઈ જાય છે.

અને તમે ક્યારેય પ્રગતિ નહીં કરી શકો, ન તો તમારી મહત્વકાંક્ષામાં વધારો થશે, ન તમારી હિંમત મહાન બનશે, અને ન તમારા જ્ઞાનથી કોઈને લાભ થશે, સિવાય કે અલ્લાહ તઆલા ઇચ્છે.

આ જ કારણે તમે જોશો કે જે ખુત્બાને તમે સારી રીતે તૈયાર કર્યો છે, તમે તેને ભૂલ્યા નથી, અને વર્ષો પછી પણ જો તમે તેની તરફ પાછા ફરો, તો તમને ખબર હશે કે તેમાં શું છે, જાણે કે તમે તેને તાજેતરમાં જ આપ્યો હોય.

જે ખુત્બાઓ તમે બીજા પાસેથી નકલ કર્યા હશે, તેને તમે જલ્દીથી ભૂલી જશો, આ વાતનો અનુભવ કરી જુઓ, તમે એ ખુત્બાઓને યાદ કરો જેને ચાર કે પાંચ વર્ષ થઈ ગયા હોય, તમને જણાશે કે તમે તે ખુત્બાઓને ભૂલી ગયા છો અથવા તેમાં જે વર્ણન હતું તેમાંથી માત્ર નજીવો ભાગ જ તમને યાદ હશે.

અને તેની કન્ટેનને એકત્રિત કરવાથી પણ તમને કોઈ ફાયદો નહીં થાય, જેથી તે એક એવી કિતાબ બને જેનાથી ફાયદો ઉઠાવી શકાય.

તમે ખુત્બો તૈયાર કરવામાં એવી રીતે મહેનત કરો જાણે કે તમે તેને પુસ્તક રૂપે પ્રકાશિત કરશો, હદીષોના સંદર્ભ વર્ણન કરો અને કેટલાક મુહદ્દીષોના કથનોની મદદથી તેની સત્યતાનો દરજ્જો સ્પષ્ટ કરો, તમે ઉપયોગ કરેલ સંદર્ભો અને સ્ત્રોતોની પણ નોંધ કરો, અને

વ્યાકરણ, જોડણી અને ભાષાકીય રીતે પણ તેની કાળજી લો.

(વિરામચિહ્નોની કાળજી રાખવી)

જો તમે ખુત્બો વાંચી રહ્યા હોવ તો, વિરામચિહ્નો જેવા કે અલ્પવિરામ વગેરેનું ધ્યાન રાખો, અને શ્વાસની અનુકૂળતા માટે રોકાવવાની પોતાની ખાસ નિશાનીઓ પણ નક્કી કરી લો, જેથી અયોગ્ય જગ્યાઓ પર વારંવાર રોકાવાથી શરમજનક પરિસ્થિતિ ન સર્જાય.

(વિષયો અને શૈલીઓમાં વિવિધતાની મહત્ત્વતા).

વિષયોના વર્ણનમાં વિવિધતા લાવો, અને એક જ પદ્ધતિ પર સીમિત ન રહો, જેમકે તમારા ખુત્બાઓ ફક્ત દિલોની સ્થિતિ, અથવા ઉમ્મતની સામાન્ય બાબતો, અથવા તેના જેવી બાબતો પર જ હોય, લોકોની તેમના દીન અને દુનિયાની જરૂરતોનો પણ ખ્યાલ કરો.

પરંતુ ખૂબ વિવિધતા અપનાવો, જેથી લોકોના દિલોમાં તમારા ખુત્બાઓ પ્રત્યે ઉત્સાહ ઉત્પન્ન થાય.

અને જો તેને એકબીજા સાથે જોડાયેલી સાંકળ બનાવવામાં આવે, તો જરૂરત સમયે તેને કાપવામાં કોઈ વાંધો નથી.

અને જાણી લો કે કુરઆન, હદીષ અને પ્રતિષ્ઠિત સહાબાઓ - રઝી અલ્લાહુ અન્હુમ- ના કથનો માંથી લેવામાં આવેલા કિસ્સાઓની સાંભળનારાઓ પર મહાન અસર થાય છે, અને તેમાં મહાન બોધપાઠ અને શિખામણ, તથા ઉપદેશ અને મોતીઓ સમાન વાતો હોય છે, તેથી તમે તેના પર અને તેને રસપ્રદ શૈલીમાં રજૂ કરવા પર આતુર રહો, અને તેમાંથી ફાયદાઓ અને શિખામણો પ્રાપ્ત કરો.

અને પોતાના ખુત્બાને પ્રસંગો, કિસ્સાઓ, વાસ્તવિક ઉદાહરણો વગેરેના વર્ણનથી ખાલી ન રાખો; જેથી ખુત્બા કંટાળાજનક અને બોજા ન બને.

અને કિસ્સાઓ અને ઘટનાઓ રજૂ કરવાની શ્રેષ્ઠ શૈલી અપનાવવાની સખત કાળજી લેવી જોઈએ, અને તેની સાથે પોતાના અંતઃકરણથી જોડાવું જોઈએ, અને તેની અસર ચહેરાના હાવભાવ અને અવાજના ઉતાર-ચઢાવ પર પણ દેખાવી જોઈએ.

લોકોની વાસ્તવિક પરિસ્થિતિ અને તેમની સમસ્યાઓની સાથે જીવવાનો પ્રયત્ન કરો, જેથી તમે એક તરફ અને તેઓ બીજી તરફ ન થઈ જાય.

(પ્રવચન અને પ્રભાવની કળા-કૌશલ્ય પ્રાપ્ત કરવાનું મહત્વ)

ખુત્બો આપનારને રજૂ કરવાની કળા અને કૌશલ્ય પ્રાપ્ત કરવાની સૌથી વધુ જરૂર છે; કારણકે ખુત્બો આપનારને લોકોને સમજાવવાની અને તેમનું ધ્યાન ખેંચવાની જરૂર પડે છે, જેથી લોકો તેની વાત સ્વીકારે.

જે ખતીબ ની શૈલી મજબૂત અને રજૂઆત ઉત્તમ હોય, તેનાથી લોકો - સામાન્ય રીતે - તે વ્યક્તિ કરતાં વધુ ફાયદો મેળવે છે જેમાં આ વિશેષતા ન હોય, ભલે તે વધારે જ્ઞાની અને ઉચ્ચ પદ ધરાવતો હોય.

તેથી વક્તા માટે જરૂરી છે કે તે વકતૃત્વ કળા વિશેના પાઠ સાંભળે, અને જો પોતે તેમાં હાજર રહે તો તે વધારે શ્રેષ્ઠ છે, અથવા તે વિષયને લગતા પુસ્તકોનો અભ્યાસ કરે.

અને જે વ્યક્તિ અલ્લાહ સાથે સાચો રહ્યો અને પોતાને અને પોતાના સમયને તેના માટે સમર્પિત કરી દીધો, તો અલ્લાહ તેને પોતાની કૃપા અને મહેરબાનીથી એવું આપશે જેનો તેણે ક્યારેય પણ વિચાર કર્યો નહીં હોય અને જે તેના ગુમાનમાં પણ નહીં હોય, અને જેણે

અલ્લાહને તે આપ્યું જે અલ્લાહને પસંદ છે, તો અલ્લાહ તેને તેના પસંદ કરતા પણ વધારે આપે છે, અને જે પોતાને અલ્લાહ માટે સમર્પિત કરી દે છે, તો અલ્લાહ પોતાના સર્જનને તેના તાબે કરી દે છે, અને તેના માટે સુખ, ઉચ્ચ દરજ્જો અને સત્તાના સાધનો પૂરા પાડે છે.

તેથી તમારા અને મહાન પાલનહારની ભેટો વચ્ચે ફક્ત સાચો સંકલ્પ, અલ્લાહ માટે મજબૂત ઈરાદો, તેની પસંદ અને પ્રસન્નતા માટે પોતાની ઇચ્છાઓનો ત્યાગ, અને તેના દીન અને શરીયતની ઉન્નતિ માટે સતત પ્રયાસ જ છે; ભલે પછી દુનિયા, ઇચ્છાઓ અને પદવીના લોકોની નજરમાં તમારું સ્થાન નીચું કેમ ન થઈ જાય.

(નવીકરણના સિદ્ધાંતો)

અલ્લાહ તઆલાએ માનવીને નવીનતા અને શ્રેષ્ઠતા તરફ પરિવર્તનનો પ્રેમી બનાવ્યો છે, તેથી લોકો એક જ પરિસ્થિતિ પર સ્થિર નથી રહેતા, અને જ્યારે પણ જીવનમાં કંઈક નવું આવે છે, ત્યારે તેઓ પોતાની ક્ષમતા મુજબ તેને મેળવવા માટે ઉતાવળ કરે છે.

આજનો વ્યક્તિ દસ વર્ષ પહેલાં જેવો નથી, પરંતુ તમે જોશો કે આજે તેણે પોતાના જીવન, રહેણીકરણી, વાહન અને ઘરને બદલીને વધુ શ્રેષ્ઠ બનાવી દીધાં છે.

જુમ્માના વક્તા માટે અન્ય લોકો કરતાં વધુ જરૂરી છે કે તે પોતાની શૈલીમાં નવીનતા લાવે અને તેને સુધારે, તથા પોતાની રજૂઆત અને પ્રભાવ પાડવાની કુશળતામાં વધારો કરે; કારણકે જો તે એ જ જૂની શૈલી પર ચાલતો રહેશે જે તેણે પ્રવચનની જવાબદારી લીધી ત્યારથી અપનાવી છે, તો તેમાં કોઈ શંકા નથી કે તેનામાં કોઈ સકારાત્મક પરિવર્તન આવશે નહીં, પરંતુ તેનું પતન થશે; કારણકે માણસનો સ્વભાવ છે કે વધતી ઉંમર સાથે તેની હિંમત અને સ્ફૂર્તિ નબળી પડી જાય છે, તેની આત્મા કરમાઈ જાય છે, અને તેનો પ્રભાવ ઓછો થઈ જાય છે, તેથી તે એવી બાબતોનો મોહતાજ છે, જે તેને ફરીથી સ્ફૂર્તિવાન બનાવે, તેની હિંમત અને રૂહને મજબૂત કરે, અને તેના કૌશલ્ય અને શૈલીઓનો વિકાસ કરે, જેથી તે પોતાના પર, પોતાની ઇન્દ્રિયો પર અને પોતાની હિંમત પર હાવી થતી નબળાઈઓ પર કાબૂ મેળવી શકે.

અને મોટાભાગના વક્તાઓમાં જ્યારથી તેમણે ખુત્બો આપવાનું શરૂ કર્યું ત્યારથી કોઈ સ્પષ્ટ બદલાવ આવ્યો

નથી, તો શું તેનો અર્થ એ છે કે તેઓ શરૂઆતથી જ સંપૂર્ણતાએ પહોંચી ગયા હતા?

ના

તો પછી, શા માટે તે પોતાની એ જ જૂની રીત પર અડગ રહે છે, જેનાથી તે ટેવાઈ ગયા છે, અને પોતાની પદ્ધતિ અને રજૂઆતમાં સુધારો નથી કરતો, અને સુધારણા, નવીનીકરણ અને સર્જનાત્મકતા માટે યોગ્ય પગલાં નથી લેતા, જ્યારે કે તેણે પોતાની રોજી-રોટી અને દુન્યવી બાબતોને સુધારવા માટે ભરપૂર પ્રયત્નો કર્યા છે?

અને તે તેના માટે કેમ પ્રયત્ન ન કરે, જ્યારે કે ખુત્બાનું સ્થાન તેના જીવનના સૌથી શ્રેષ્ઠ અને મહાન કાર્યોમાંથી છે?

(પ્રભાવના બે સાધનોની કાળજી રાખવી: અવાજ અને નજર)

સફળ વક્તા માટે આ બે શક્તિઓનો ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે:

૧- અવાજ, તે અસરનું સૌથી શક્તિશાળી સાધન છે, અને નીચેની બાબતોને ધ્યાનમાં રાખવાથી તેની અસર સંપૂર્ણ થાય છે:

અ- અવાજનું સ્તર ઉતાર-ચઢાવ અને ગતિમાં મધ્યમ હોવું જોઈએ, અવાજ એટલો નીચો કે ધીમો ન હોવો જોઈએ કે સાંભળનારને કંટાળો અને સુસ્તી આવી જાય, અને એટલો ઊંચો કે ઝડપી પણ ન હોવો જોઈએ કે જેથી તેમને પરેશાની થાય અથવા તેઓ એકાગ્રતા અને સમજણ ગુમાવી બેસે.

બ- અવાજ એક જ લયમાં ન હોવો જોઈએ; કારણકે કેટલાક ખુત્બો આપનારનો અવાજ આખા ખુત્બા દરમિયાન એક સરખો જ રહે છે, જો તે ધીમો હોય તો સાંભળનાર કંટાળી જાય છે, અને જો તે બુલંદ અને ઊંચો હોય તો તેમને તકલીફ થાય છે.

એક જ સુરમાં વાત કરવાથી સાંભળનાર વક્તાની વાતોથી પોતાનો સંબંધ ગુમાવી દે છે; કારણ કે તેઓ મહત્વપૂર્ણ અને અન્ય વિષયો વચ્ચે તફાવત કરી શકતા નથી, અને તેમાં કોઈ શંકા નથી કે મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી વાત રજૂ કરવા માટે અવાજને ઝડપ સાથે

ઊંચો કરવો અથવા ધીમો કરીને નીચો કરવાની જરૂર પડે છે.

જ- વાક્યોને તેના સ્થાન પ્રમાણે અવાજને ઢાળવો, જો તે પ્રશ્નાર્થ હોય, તો પ્રશ્ન પૂછવાના સ્વરમાં, અને જો તે આશ્ચર્યજનક હોય, તો આશ્ચર્યના સ્વરમાં, અને આ જ પ્રમાણે.

દ- સામાન્ય વાતચીત કરતા પોતાના મોઢાને વધુ ખોલવું; કારણકે તેનાથી અક્ષરોનું ઉચ્ચારણ સ્પષ્ટ થાય છે, અને તે એકબીજામાં ભળી જતા નથી, અને અવાજ પર પણ નિયંત્રણ રાખી શકાય છે, પરંતુ તેમાં અતિશયોક્તિ ન કરવી જોઈએ; કારણકે મોઢું ખોલવામાં અતિશયોક્તિ કરવી, તે વધુ પડતા ઉત્સાહનું કારણ બને છે, અને વક્તા માટે તે અયોગ્ય છે.

હ- તમારા સામાન્ય અવાજમાં જ ખુત્બો આપો, અને ખુત્બા માટે કોઈ ખાસ અવાજ કે અંદાજ ન અપનાવો, કારણકે તેનાથી તમારા અને લોકો વચ્ચે અંતર ઉભું થશે, અને તમે સાંભળનાર પર અસર કરવાના સૌથી મજબૂત સાધનને ગુમાવી દેશો.

અને એવી સ્થિતિમાં થોડીવાર અટકી જવું જ્યાં અટકવું યોગ્ય હોય, તેથી જ્યારે વક્તા કોઈ મહત્વપૂર્ણ

વિચાર પરથી પસાર થાય જેને તે સાંભળવાવાળા લોકોના મનમાં બેસાડવા માંગતો હોય: તો તેણે તેમની તરફ ધ્યાન આપવું જોઈએ, અને કંઈ પણ બોલ્યા વગર એક ક્ષણ માટે સીધું તેમની આંખોમાં જોવું જોઈએ.

અને આ અચાનક મૌનની તેમના પર ખૂબ અસર થાય છે, જેનાથી તે તેમનું ધ્યાન ખેંચે છે, અને તેમાંથી દરેકને તે મૌન પછી આવનારી વાત માટે સચેત અને ઉત્સુક બનાવે છે.

પરંતુ રોકાણ લાંબા વિરામ વગર, તેમજ સાહસ વગર હોવું જોઈએ.

તેનું ઉદાહરણ: અલી રઝી અલ્લાહુ અન્હુએ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસે સોનાના ટુકડા મોકલ્યા, તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ તેને પોતાના કેટલાક સહાબીઓ વચ્ચે વહેંચી દીધા.

તો એક વ્યક્તિ આવ્યો અને કહ્યું: હે અલ્લાહના પયગંબર! અલ્લાહથી ડરો! (...)

સાચા અને અમાનતદાર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પ્રત્યે આ કેવી હિંમત છે!

અને આ જ કારણસર પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ તેની આ હિંમત પર આશ્ચર્ય વ્યક્ત કરતા

કહ્યું: (...) જો હું જ અવજ્ઞા કરું, તો અલ્લાહનું અનુસરણ કોણ કરશે? અલ્લાહએ મને ધરતીના લોકો માટે પ્રામાણિક બનાવી મોકલ્યો છે, અને તમે મારા પર વિશ્વાસ નથી કરતા?)

બંને બ્રેકેટ વચ્ચે જે છે તે થોડીવાર રોકાવાનો સંકેત આપે છે; કારણ કે વાતનો સંદર્ભ તેની માંગ કરે છે, જેથી સાંભળનાર વ્યક્તિનું ધ્યાન ખેંચી શકાય અને ત્યાર પછી કહેનાર વાત માટે તેમાં વધુ ઉત્સાહ પેદા કરે.

અને પહેલું વાક્ય: (સત્યવાદી અને વિશ્વાસપાત્ર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પ્રત્યે આ કેવું સાહસ છે!!), તે આશ્ચર્યની શૈલી હતી, તેથી પરિસ્થિતિની માંગ એ છે કે તેને આશ્ચર્યચકિત થઈને રજૂ કરવામાં આવે.

અને બીજું વાક્ય: (જો હું જ અવજ્ઞા કરું તો અલ્લાહનું અનુસરણ કોણ કરશે? અલ્લાહએ મને ધરતીના લોકો માટે પ્રામાણિક બનાવી મોકલ્યો છે, અને તમે મારા પર વિશ્વાસ નથી કરતા?), આ એક ઇન્કાર સૂચક પ્રશ્નાર્થક શૈલી હતી, તો સંદર્ભની માંગ એ જ હતી કે તેને ઇન્કાર કરનાર પ્રશ્નકર્તાની શૈલીમાં જ રજૂ કરવામાં આવે.

૨- નજર: તમામ શ્રોતાઓ પર નજરનું વિતરણ કરવું, અને તમે જે વાત કરી રહ્યા છો, તે પ્રમાણે આંખોથી પ્રતિભાવ આપવો, જે નીચે મુજબ છે:

અ- વધુ પડતી ઝડપ અથવા વારંવાર અતિશયોક્તિ કર્યા વગર થોડું ડાબે અને જમણે ફરવું; કારણ કે ખાસ કરીને વક્તા માટે તે યોગ્ય નથી; તેથી વક્તા પર તેની ભાવનાઓના પ્રભુત્વને દર્શાવે છે, અને તેનાથી એકાગ્રતામાં ચોકસાઈ રહેતી નથી.

બ- આંખ ખોલવાથી અથવા તેના પર હળવેથી દબાણ કરવાથી, આંખની હલનચલનની ત્યાં હાજર લોકો પર સૌથી વધુ અસર થાય છે, અને તેઓ તેમાંથી એવા અર્થો સમજે છે જે કદાચ જીભ વર્ણન ન કરી શકે.

અવાજ અને નજર: વક્તાની આ બંને વસ્તુઓ સાંભળનાર પર અસરના બે મુખ્ય આધાર છે, અને તે બંને વગર તે પોતાની વાત તેમના સુધી પહોંચાડવાની, તેમને સમજાવવાની, તેમનું ધ્યાન ખેંચવાની, અને તેમનામાં ઉત્સાહ અને જુસ્સો પેદા કરવાની ક્ષમતા ગુમાવી દે છે.

અને દરેક વક્તા કોઈપણ સંકોચ કે બનાવટ વગર તેનો ઉપયોગ કરી શકે છે, પરંતુ અતિશયોક્તિ વિના;

કારણ કે તેમાં અતિશયોક્તિ ચંચળતા અને અવિચારીપણું દર્શાવે છે, તેવી જ રીતે, વધુ પડતી ગંભીરતા અને શાંતિ કંટાળા અને સુસ્તીનું કારણ બને છે, અને શ્રેષ્ઠ કાર્ય તે છે, જે મધ્યમ હોય.

અને અહીં કેટલીક એવી બાબતો છે જે જુમ્માના વક્તા માટે યોગ્ય નથી, જેમાં શામેલ છે:

૧- બંને હાથથી હરકતો કરવી.

૨- રૂમાલ અને પાઘડીને હલાવવું, લાઉડસ્પીકર સાથે છેડછાડ કરવી, આગળ પાછળ થવું વગેરે.

(એવી કોઈ ખાસ રીતને વળગી ન રહો જે સહીહ સુન્નતથી સાબિત ન હોય)

એવા કોઈ ખાસ શબ્દોનું પાલન ન કરવું, સિવાય કે જે સહીહ સુન્નતથી સાબિત હોય, જેથી તેને સુન્નત સમજી લેવામાં ન આવે, જેમ કે પહેલા ખુત્બાના અંતમાં કહેવું: «બારકલ્લાહુ લી વ લકુમ ફિલ્ કુરઆનિલ્ અઝીમ (અલ્લાહ મારા માટે અને તમારા માટે મહાન કુરઆનમાં બરકત આપે)».

અને ઘણીવાર કેટલાક વક્તાઓ ખુત્બાના અંતમાં એક એવી દુઆ પકડી રાખે છે, જેને તેઓ ભાગ્યે જ બદલે છે,

અને તેમાંથી કેટલાક લોકો વારંવારની દુઆને લાંબી કરે છે, ત્યાં સુધી કે જ્યારે વક્તા દુઆ કરવાનું શરૂ કરે છે, તો ઘણા લોકો પરેશાની અને કંટાળો અનુભવે છે; કારણકે તેઓ તેના વારંવાર પુનરાવર્તનના કારણે અને તેની વર્ણનાત્મક શૈલીથી કંટાળી જાય છે, જેમાં દુઆ માટે જરૂરી ભાવનાનો અભાવ હોય છે.

અક્ષરોના ઉચ્ચારણના સ્થાનનું ધ્યાન રાખવું અને તેની ભેળસેળ ન કરવી.

અક્ષરોનું ઉચ્ચારણ તેના મખારિજથી મજબૂતી સાથે અદા કરવા; કારણ કે તેની વાક્પટુતા, સ્પષ્ટતા અને શબ્દોની શક્તિ પર ખૂબ ઊંડી અસર થાય છે.

વક્તાની જે ભૂલો ગણવામાં આવે છે તેમાંથી એક: તે ઉતાવળમાં શબ્દો બોલે, ત્યાં સુધી કે પહેલો અક્ષર કે શબ્દ તેની જગ્યાએ બરાબર અદા થાય તે પહેલાં જ બીજા અક્ષર કે શબ્દને તેની સાથે ભેળવી દે, જ્યારે કે સારી રીત એ છે કે તે દરેક અક્ષરને પૂરો હક આપીને અદા કરે અને દરેક શબ્દને અલગ-અલગ અને સ્પષ્ટપણે બોલે.

અને એ જ રીતે સૃષ્ટિના સૌથી વાક્પટુ, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની વાણી હતી.

ઉમ્મુલ્ મુઅમિનીન આયશા રઝી અલ્લાહુ અન્હાએ કહ્યું: «પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તમારી જેમ સળંગ વાત કરતા ન હતા».

)ખુત્બાનો હેતુ, અને તે સૌથી મહત્વપૂર્ણ વિષયો જે ખુત્બો આપનાર માટે રજૂ કરવા જરૂરી છે)

વક્તાએ લોકોને દુનિયાના જીવન, તેની ચિંતાઓ અને ઘટનાઓથી દૂર કરીને આખિરત અને તેની તૈયારી તરફ લઈ જવા જોઈએ, અને મસ્જિદ કોઈ પ્રચારનું માધ્યમ ન હોવું જોઈએ, જેમાં વક્તા રાજકીય બાબતો પર ચર્ચા કરે અને એવી વાતો કરે જેનો સાંભળનારાઓને તેમના દીન કે દુનિયામાં કોઈ ફાયદો ન હોય.

અને એક સફળ ખુત્બો આપનારના મોટા ભાગના ખુત્બાઓ ઇમાનમાં વધારો કરનાર અને અલ્લાહ તઆલા સાથેના સંબંધને મજબૂત કરનાર હોય છે; કારણ કે જ્યારે લોકોના ઇમાનમાં વધારો થાય છે અને પોતાના પાલનહાર સાથે તેમનો સંબંધ મજબૂત થાય છે, તો તે

તેમના માટે પાપો અને તુચ્છ બાબતોને છોડી દેવાનું સૌથી મોટું કારણ બને છે.

અને તે વિષયો જેનાથી વક્તાએ ક્યારેય બેદરકાર ન રહેવું જોઈએ અને હંમેશા તેનું પુનરાવર્તન કરતા રહેવું જોઈએ:

તૌહીદ અને ઇસ્લામના સિદ્ધાંતો

નમાઝનો તરીકો અને નમાઝમાં ખુશૂઅનું મહત્વ.

ઋતુઓ અને પ્રસંગોના વિષયો, જેમકે જ્યારે તેનો સમય આવે ત્યારે રમઝાન મહિનાની મહત્ત્વતાનું વર્ણન.

ફિતના વિષે ચેતવણી અને તે સમયના કેટલાક આદેશો.

બિદઅતથી બચવું.

શૈતાનની ચાલાકી અને તેની ગુમરાહ કરવાની રીતો પર ચેતવણી.

અખ્લાક અને અદબો અને તેનાથી સંબંધિત બાબતો.

ઈમાન અને અલ્લાહ સાથે લગાવ વધારવા માટેની બાબતો:

૧- લોકોના દિલોમાં અલ્લાહના ગુણો અને તેની નેઅમતોનું વર્ણન કરીને તેની પવિત્રતા વર્ણન કરવી.

૨- કુરઆનની મહાનતાનો સ્વીકાર કરવો, જે અલ્લાહનું કલામ (વાણી) છે.

૩- પયગંબરો અલૈહિમુસ્ સલામના, તેમાં પણ મુખ્યત્વે અંતિમ પયગંબર મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના, તેમજ પ્રતિષ્ઠિત સહાબા - રઝી અલ્લાહુ અન્હુમ - ના કિસ્સાઓ વર્ણન કરવા.

૪- જન્નત તેની લાક્ષણિકતાઓ અને તેમાં પ્રવેશ કરવાના સ્ત્રોતોનો ઉલ્લેખ કરવો, અને એ જ રીતે જહન્નમ વિષે પણ.

૫- દિલની ઈબાદતોની કાળજી લેવી: જેમકે ભરોસા, અલ્લાહ તરફ પરત ફરવું, તૌબા, ભય અને એકગ્રતા.

અલ્લામહ ઈમામ ઇબ્ને કય્યિમ રહિમહુલ્લાહએ કહ્યું: «જે વ્યક્તિ પયગંબર - સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ના અને આપના સહાબાના ખુત્બાઓમાં ચિંતન-મનન કરશે, તો તે તેને હિદાયત અને તૌહીદનું સ્પષ્ટીકરણ કરવા, સર્વશ્રેષ્ઠ પાલનહારના ગુણો અને ઈમાનના મૂળભૂત સિદ્ધાંતોનું વર્ણન કરવા, અને અલ્લાહ તરફ દઅવત આપવા માટે પર્યાપ્ત જોશે, તેમાં અલ્લાહ તઆલાની તે નેઅમતોનું વર્ણન છે, જેનાથી તે પોતાના સર્જનને પ્રિય બની જાય, અને તેના તે દિવસો (પાછલી કોમો પરના

અઝાબના બનાવો)નું વર્ણન છે, જેનાથી તેઓ તેના પ્રકોપથી ડરી જાય, અને તેના ઝિક્ર અને શુક્રનો આદેશ જોશે, જેનાથી તેઓ તેને પ્રિય બની જાય. આમ, તેઓ અલ્લાહની મહાનતા, તેના ગુણો અને નામોનું એવું વર્ણન કરે છે, જે તેને તેના સર્જનનો પ્રિય બનાવી દે, અને તેનું અનુસરણ, શુક્ર અને ઝિક્રનો એવો આદેશ આપે ,છે જેનાથી તેઓ તેને પ્રિય બની જાય, પરિણામે સાંભળનારાઓ ત્યાંથી એવી સ્થિતિમાં પાછા ફરે છે કે તેઓ અલ્લાહથી મુહબ્બત કરવા લાગે છે અને અલ્લાહ પણ તેમનાથી મુહબ્બત કરવા લાગે છે.

પછી જેમ જેમ સમય પસાર થતો ગયો, તેમ તેમ નબુવ્વતનો પ્રકાશ ઝાંખો પડતો ગયો, અને શરીઅત અને તેના આદેશો તેના મૂળ હેતુઓ અને વાસ્તવિકતાઓને ધ્યાનમાં લીધા વિના પાળવામાં આવતા માત્ર રિવાજો બની ગયા, પરિણામે, તેઓએ રિવાજો અને પ્રથાઓને એવી સુન્નત બનાવી દીધી જેનું ઉલ્લંઘન ન કરી શકાય, જ્યારે કે જે મૂળભૂત ઉદ્દેશ્યો હતા, જેનું ખરેખર પાલન કરવું જરૂરી હતું, તેની અવગણના કરી, તેઓએ ખુત્બાઓને અનુપ્રાસ (કવિતા) અને અલંકારશાસ્ત્રથી શણગાર્યા, જેના કારણે હૃદયો પર

તેની અસર ઓછી થઈ ગઈ, પરંતુ સંપૂર્ણપણે નાશ પામી, અને તેનો મૂળ હેતુ પ્રાપ્ત ન થયો.».

અને રહિમહુલ્લાહે ખુત્બાના હેતુ વિશે વાત કરતા કહ્યું: «તેનો હેતુ અલ્લાહના વખાણ અને તેની મહાનતાનું વર્ણન કરવું, તેના એક હોવા અને તેના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પયગંબરીની સાક્ષી આપવી, બંદાઓને તેના દિવસોથી યાદ અપાવવું, અને તેમને તેની પકડ અને સજાથી સચેત કરવા, અને તેમને તે કાર્યોની વસિયત કરવી, જે તેમને અલ્લાહ અને તેની જન્નતની નજીક લઈ જાય, અને તેમને એવા કાર્યોથી રોકવા, જે તેમને તેના ક્રોધ અને આગ (જહન્નમ) ની નજીક લઈ જાય, ખુત્બાનો અને તેના માટે ભેગા થવાનો આ જ હેતુ છે».

અને વક્તા માટે જરૂરી છે કે તે લોકોને અકીદા, ઇબાદતો, અખ્લાક, વ્યવહાર, જીવનશૈલી અને ઉછેર વગેરેમાં ફેલાયેલી ભૂલો વિશે સચેત કરે, અને ફિત્નાઓમાં પડવાથી તેમને ચેતવણી આપે, અને તેમને દીનની બાબતો શીખવાડે.

અલ્લાહ ખૂબ જાણવાવાળો છે, અલ્લાહની કૃપા અને સલામતી આપણા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ

વસલ્લમ પર અને તેમના સંતાન પર અને તેમના દરેક સાથીઓ પર.

અનુક્રમણિકા

(ખુત્બાનું મહત્વ) 4
("રહમાનના ફરિશ્તાઓ તમને સાંભળી રહ્યા છે, તો તેમની કદર કરો") 9
(વધુ શ્રેષ્ઠ શું છે: મૌખિક ખુતબો આપવો કે કાગળમાંથી વાંચીને આપવો?) 11
(સફળ ખુત્બાનો માર્ગ સરળ અને સુગમ બનાવનારા આઠ પગલાઓ) 13
(ખુત્બાની શરૂઆતમાં બેચેની અને ગભરાટ થવી એ એક સામાન્ય બાબત છે) 17
(જાહેર પ્રવચન આપતા લાગતા ભયથી છુટકારો મેળવવાના ઉપાયો) 19
(તમારા પર થતી ખોટી ટીકાઓનો શ્રેષ્ઠ ઉકેલ) 23
(ખુતબો આપતા પહેલા ખુતબો આપનાર માટે સલાહ) 24
(ખુત્બા દરમિયાન ખતીબને સલાહ) 30
(ખુત્બા પછી વક્તા માટે સલાહ) 32
(વક્તા માટે અને અલ્લાહ તરફ બોલાવવાવાળા માટે સામાન્ય નસીહતો) 34
(ખુશખબર આપો, નફરત ન ફેલાવો) 34
(સામાન્ય લોકોને તમારી નજર સમક્ષ રાખો) 35

(સ્વં પ્રશંશા કરવાથી અથવા લોકોની પ્રશંસાથી બચવું જોઈએ). 38
(એવી વાત કરો જે તેમના દીન અને દુનિયામાં તેમને ફાયદો પહોંચાડે)..41
(ખુત્બા દરમિયાન શાંતિ જાળવવી) 42
(ખુત્બાને લાંબો કરવાથી બચવું)... 43
(અપ્રચલિત વાતોથી દૂર રહેવું)... 45
(સંયોજન વાક્યોથી દૂર રહેવું).. 45
(જાહેર દેખાવની યોગ્ય કાળજી રાખવી)................................. 46
(ખુત્બાની તૈયારીના સમયનો તફાવત) 50
(શ્રોતાઓને સીધા હુકમો આપવાથી બચવું)............................51
(પ્રવચનમાં અનુસરણ ક્યારે યોગ્ય અને ક્યારે અયોગ્ય છે?).. 52
(ઓછી સંખ્યા જોઈ ચિંતા ન કરો, અને મોટી સંખ્યા પર ઇતરાવો નહીં)... 53
(સારી તૈયારીની મહત્ત્વતા) 55
(વિરામચિહ્નોની કાળજી રાખવી)... 58
(વિષયો અને શૈલીઓમાં વિવિધતાની મહત્ત્વતા). 58
(પ્રવચન અને પ્રભાવની કળા-કૌશલ્ય પ્રાપ્ત કરવાનું મહત્વ). 60
(નવીકરણના સિદ્ધાંતો)...61
(પ્રભાવના બે સાધનોની કાળજી રાખવી: અવાજ અને નજર) . 63
(એવી કોઈ ખાસ રીતને વળગી ન રહો જે સહીહ સુન્નતથી સાબિત ન હોય)... 69

અક્ષરોના ઉચ્ચારણના સ્થાનનું ધ્યાન રાખવું અને તેની ભેળસેળ ન કરવી. 70
)ખુત્બાનો હેતુ, અને તે સૌથી મહત્વપૂર્ણ વિષયો જે ખુત્બો આપનાર માટે રજૂ કરવા જરૂરી છે) 71